# ૧.૭ જૈનોના ધર્મગુરુઓ અને પાટપરંપરા

ભગવાન મહાવીર, આ કાળચક્રમાં અંતિમ ચોવીશમાં તીર્થંકર થયા, વિક્રમ સંવત પૂર્વે ૪૩૦ વર્ષે નિર્વાણ પામ્યા, પ્રથમ ગણધરશ્રી ગૌતમ સ્વામી નૂતન વર્ષના પ્રથમ દિવસે કેવલજ્ઞાન પામ્યા, અને સંપૂર્ણ શાસનની જવાબદારી (કેળવણી –જાળવણી) પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામીને સોંપવામાં આવી તેથી શ્રમણ સમુદાય અને ચતુર્વિધ શ્રી સંઘના અગ્રણી મહાઆચાર્ય શ્રી સુધર્મા સ્વામી બન્યાં.

હાલ વર્તમાન જૈન ધર્મના સઘળા સંપ્રદાયો–ગણો–ગચ્છો, અને પંથ–સમુદાયોના પૂ.સાધુ–સાધ્વીજીઓના સંઘની શરૂઆત શ્રી સુધર્માસ્વામીજીના નામથી થાય છે.

આ પટ્ટપરંપરામાં માથુરી–વલ્લભી વાચના અનુસારે સ્થવિરક્રમ, દેવર્ધિગણિની ગુરૂપરંપરા, પલ્લિવાલ ગચ્છ, પૌર્ણમિક (પૂર્ણિમા) ગચ્છ, ખરતરગચ્છ, અંચલગચ્છ, બૃહદ્ગચ્છ તથા ભગવાન પાર્શ્વનાથની પરંપરા બતાવનાર ઉકેશ ગચ્છ વગેરે પરંપરાઓ અહિં "પટ્ટાવલી પરાગસંગ્રહ", "પટ્ટાવલી સમુચ્ચય" વગેરે ગ્રંથમાંથી ઉપલબ્ધ પ્રમાણભૂત માહિતિ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ પાટ પરંપરાને શ્રી સંઘના નાયકપદની જવાબદારી શ્રુતધરો–સ્થવિરો–સૂરિવરો–ઉપાધ્યાયો અને અનેક જ્યોતિર્ધર પ્રભાવક પુરુષોએ વહન કરી છે. અને વિશિષ્ટકોટિના પૂજ્યપુરુષોની એક અખંડ ગુરુપરંપરા ભગવાન મહાવીરથી વર્તમાન શ્રમણ પુંગવો સુધી, વૃક્ષની શાખા ડાળની જેમ સંપૂર્ણ ભારત વર્ષમાં અત્યાર સુધી ચાલી આવી છે. જેઓએ જૈન ધર્મની શાસન પરંપરા અને શાસ્ત્ર પરંપરાનું ગૌરવ વધાર્યું છે. અને તેઓનું પવિત્ર નામ સ્મરણ કરીએ ત્યારે ધર્મ રક્ષક અને શાસન શણગાર શ્રમણ પરંપરાની યાદ તાજી થાય છે.

**પ્રભુ મહાવીરની પાટપરંપરા.**

**પ્રભુમહાવીરના સર્વ સાધુઓ નિર્ગ્રન્થ ગચ્છના હતાં.**

| | **નિર્ગ્રન્થ ગચ્છ** | **વીર નિર્વાણ સંવત** |
|---|---|---|
| ૧) | પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીજી મ. | ૨૦ |
| ૨) | ચરમ કેવલિ શ્રી જંબૂસ્વામીજી મ. | ૬૪ |
| ૩) | સર્વ પ્રથમ શ્રુતધર શ્રી પ્રભવ સ્વામીજી મ. | ૭૫ |
| ૪) | ચૌદ મહાવિદ્યાના પારગામી શ્રી શય્યંભવસૂરિજી મ. | ૯૫ |
| ૫) | ચૌદપૂર્વી શ્રી યશોભદ્રસૂરિજી (પ્રથમ) મ. | ૧૪૫ |
| ૬) | શ્રુત કેવલી શ્રી સંભૂતિ વિજય (સૂરિ) મ. | ૧૫૬ |
| બ) | પૂજ્ય શ્રી ભદ્રબાહુ સ્વામીજી મ. | |
| ૭) | આગમરચનાકાર દ્રષ્ટિવાદજ્ઞાતા શ્રી સ્થુલિભદ્રજી મ. | ૨૧૫ |
| બ) | શ્રી વિશખમુનિ દ્વારા દિગંબર પરંપરાની પાટ જુદી થયેલ છે. | |
| ૮) | આર્ય શ્રી મહાગિરિજી. મ. અથવા | ૨૪૫ |
| | સંપ્રતિ રાજવીના પ્રતિબોધક આર્ય સુહસ્તિ સૂરિજી મ. | ૨૯૧ |

| | | |
|---|---|---|
| ૯) | કોટિકગચ્છના પ્રારંભકર્તા આર્યશ્રી સુસ્થિતસૂરિજી મ. | ૩૩૯ |
| | તથા આર્ય શ્રી સુપ્રતિબદ્ધ સૂરિજી મ. | |
| ૧૦) | સદ્‌ગુણોના સ્વામી સ્થવિર શ્રી ઇન્દ્રદિન્નસૂરિજી મ. | ૩૭૮ |
| ૧૧) | શાસન પ્રભાવક સ્થવિર શ્રી દિન્નસૂરિજી મ. | ૪૫૮ |
| ૧૨) | જ્ઞાનસંપન્ન સ્થવિર શ્રી સિંહગિરિસૂરિજી મ. | ૫૨૩ |
| ૧૩) | લબ્ધિ પ્રભાવક સ્થવિર શ્રી વજ્રસ્વામીજી મ. | ૫૮૪ |
| ૧૪) | ધર્મ પ્રભાવક સ્થવિર શ્રી વજ્રસેન સૂરિજી મ. | ૬૨૦ |
| | **ચંદ્રગચ્છ** | **૬૩૦** |
| ૧૫) | ચંદ્રગચ્છ સ્થાપક સ્થવિર શ્રી ચન્દ્રસૂરિજી મ. | ૬૪૩ |
| | (વીર સં. ૬૦૯ માં. પૂ. શ્રી શિવભૂતિજી દ્વારા દિગંબરમત સંપ્રદાય તરીકે શરૂ થયો. ) | |
| | **વનવાસી ગચ્છ** | |
| ૧૬) | આચાર્ય શ્રી સમન્તભદ્ર સૂરિજી ( સામંતભદ્રાચાર્ય) મ. | ૬૫૩ |
| ૧૭) | આચાર્ય શ્રી વૃદ્ધદેવ સૂરિજી મ. | ૬૯૩ |
| ૧૮) | આચાર્ય શ્રી પ્રદ્યોતન સૂરિજી મ. | ૬૯૮ |
| ૧૯) | લઘુશાંતિ કર્તા આચાર્ય શ્રી માનદેવસૂરિજી મ. ( પ્રથમ) | ૭૩૧ |
| ૨૦) | ભક્તામર સ્તોત્રકર્તા આચાર્ય શ્રી માનતુંગ સૂરિજી મ. | ૭૫૮ |
| ૨૧) | આચાર્ય શ્રી વીર (સેન) સૂરિજી મ. | ૭૯૩ |
| ૨૨) | આચાર્ય શ્રી જયદેવ સૂરિજી મ. | ૮૩૩ |
| ૨૩) | આચાર્ય શ્રી દેવાનંદ સૂરિજી મ. | ૯૦૦ |
| ૨૪) | આચાર્ય શ્રી વિક્રમસૂરિજી મ. | ૯૫૫ |
| ૨૫) | આચાર્ય શ્રી નરસિંહ સૂરિજી મ. | ૧૦૦૫ |
| ૨૬) | આચાર્ય શ્રી સમુદ્ર સૂરિજી મ. | ૧૦૩૨ |
| ૨૭) | આચાર્ય શ્રી માનદેવ સૂરિજી મ. (બીજા) | ૧૦૮૦ |
| ૨૮) | આચાર્ય શ્રી વિબુધપ્રભ સૂરિજી મ. | ૧૧૩૦ |
| ૨૯) | આચાર્ય શ્રી જયાનંદ સૂરિજી મ. | ૧૧૬૯ |
| ૩૦) | આચાર્ય શ્રી રવિપ્રભસૂરિજી મ. | ૧૨૪૫ |
| ૩૧) | આચાર્ય શ્રી યશોદેવ (યશોભદ્ર) સૂરિજી મ. | ૧૩૨૦ |
| | (પૂ. શ્રી જિનેશ્વર સૂરિજી મ. સાહેબે ખરતર ગચ્છની સ્થાપના કરતાં તે પરંપરા જુદી છે.) | |
| ૩૨) | આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિજી મ. | ૧૩૪૪ |

jainuniversity.org

૩૩) આચાર્ય શ્રી માનવદેવ સૂરિજી મ. (ત્રીજા) ૧૩૬૫

૩૪) આચાર્ય શ્રી વિમલચન્દ્ર સૂરિજી મ. ૧૪૧૦

૩૫) આચાર્ય શ્રી ઉધોતન સૂરિજી મ. (વડગચ્છકર્તા) ૧૪૬૫

**વડગચ્છ**

૩૬) વડગચ્છ ભૂષણ આ. શ્રી સર્વદેવ સૂરિજી મ. ૧૫૨૫

૩૭) આચાર્ય શ્રી દેવસૂરિજી મ. ૧૫૯૫

૩૮) આચાર્ય શ્રી સર્વદેવ સૂરિજી મ. (બીજા) ૧૬૦૭

૩૯) આચાર્ય શ્રી યશોભદ્ર સૂરિજી મ. ( બીજા) ૧૬૧૮

૪૦) આચાર્ય શ્રી મુનિચન્દ્ર સૂરિજી મ. ૧૬૪૮

૪૧) આચાર્ય શ્રી અજિતચંદ્ર (દેવ) સૂરિજી મ. ૧૬૬૫

૪૨) આચાર્ય શ્રી સિંહ સૂરિજી મ. ૧૬૭૮

૪૩) આચાર્ય શ્રી સોમપ્રભ સૂરિજી મ. તથા

આચાર્ય શ્રી મણિરત્ન સૂરિજી મ. ( પ્રથમ ) ૧૭૧૧

**તપાગચ્છ**

૪૪) તપાગચ્છ સ્થાપક તપસ્વી હીરલા આચાર્ય શ્રી ૧૭૫૦

જગચ્ચન્દ્રસૂરિજી મ. ૧૭૫૫

૪૫) કર્મગ્રંથ રચયિતા આ. શ્રી દેવેન્દ્ર સૂરિજી મ. ૧૭૯૭

૪૬) પેથડશા પ્રતિબોધક આ શ્રી ધર્મઘોષ સૂરિજી મ. ૧૮૨૭

૪૭) આચાર્ય શ્રી સોમપ્રભ સૂરિજી મ. (બીજા) ૧૧ અંગ કંઠસ્થ ૧૮૪૩

૪૮) આચાર્ય શ્રી સોમતિલક સૂરિજી મ . ૧૮૯૪

૪૯) આચાર્ય શ્રી દેવસુંદર સૂરિજી મ. (મંત્ર – તંત્ર – નિમિત્તજ્ઞાતા) ૧૯૩૮

૫૦) આચાર્ય શ્રી સોમસુંદર સૂરિજી મ. (રાણકપુર પ્રતિષ્ઠાખારક) ૧૯૬૯

૫૧) આચાર્ય શ્રી મુનિસુંદર સૂરિજી મ. (સંતિકર સ્તોત્રકાર) ૧૯૭૩

૫૨) આચાર્ય શ્રી રત્નશેખર સૂરિજી મ. (બાલ સરસ્વતી – શ્રાદ્ધ વિધિકર્તા) ૧૯૮૭

(વિક્રમ સં. ૧૫૩૧ (વિર સં. ૧૯૬૧) માં લોકાગચ્છ સ્થાનકવાસી સંપ્રદાય તરીકે લોકાશાહે સ્થાપના કરી )

૫૩) આચાર્ય શ્રી લક્ષ્મીસાગર સૂરિજી મ. ૨૦૦૭

૫૪) આચાર્ય શ્રી સુમતિ (સાગર) સાધુ સૂરિજી મ. ૨૦૨૯

૫૫) આચાર્ય શ્રી હેમવિમળ સૂરિજી મ. ૨૦૫૩

| | | |
|---|---|---|
| ૫૬) | આચાર્ય શ્રી આનંદવિમલ સૂરિજી મ. | ૨૦૬૬ |

(તપાગચ્છની પેટા શાખા વિમળ શાખા ૫૬ મી પાટ પછી ૫૭ મી પાટ ઋદ્ધિવિમળજી થી શરૂ થઇ છે. )

| | | |
|---|---|---|
| ૫૭) | આચાર્ય શ્રી દાન સૂરિજી મ. | ૨૦૯૨ |
| ૫૮) | જગદ્ગુરુ – અકબર પ્રતિ બોધક આ. શ્રીહીરસૂરિજી મ. | ૨૧૧૨ |

(તપાગચ્છ વિજય શાખા માંથી, સાગર શાખા ઉપા. શ્રી સહજ સાગરજી મ. સા. દ્વારા સં. ૧૭૫૫ થી શરૂ થયેલ છે.)

| | | |
|---|---|---|
| ૫૯) | આચાર્ય શ્રી વિજયસેન સૂરિજી મ. | ૨૧૪૨ |
| ૬૦) | દેવસૂરગચ્છ ભૂષણ આ. શ્રી વિજય દેવસૂરિજી મ. | ૨૧૭૩ |
| ૬૧) | આચાર્યશ્રી વિજય સિંહ (દેવ) સૂરિજી મ. (બીજા) | ૨૧૭૯ |

(વીર સંવત ૧૭૦૮ માં આ. સિંહ સૂરિજી મ. ના કાળધર્મ પછી ૨૩૫ વર્ષ સુધી વી. સ. ૧૭૦૮ થી સ. ૧૯૪૩ સુધી વિજય શાખામાં કોઇ આચાર્ય ભગવંત થયા ન હતાં.)

| | | |
|---|---|---|
| ૬૨) | પંન્યાસ શ્રી સત્ય વિજયજી ગણિ (ક્રિયોદ્ધારક) | ૨૨૨૬ |
| ૬૩) | પંન્યાસ શ્રી કર્પૂર વિજયજી ગણિ | ૨૨૪૫ |
| ૬૪) | પંન્યાસ શ્રી ક્ષમા વિજયજી ગણિ | ૨૨૫૬ |
| ૬૫) | પંન્યાસ શ્રી જિન વિજયજી ગણિ | ૨૨૬૯ |
| ૬૬) | પંન્યાસ શ્રી ઉત્તમ વિજયજી ગણિ | ૨૨૯૭ |
| ૬૭) | પંન્યાસ શ્રી પદ્મવિજયજી ગણિ | ૨૩૩૨ |
| ૬૮) | પંન્યાસ શ્રી રૂપ વિજયજી ગણિ | ૨૩૭૫ |
| ૬૯) | પંન્યાસ શ્રી કીર્તિ વિજયજી ગણિ | ૨૩૮૫ |
| ૭૦) | પંન્યાસ શ્રી અમી વિજયજી મ. | |
| (અ) | પૂ. શ્રી કસ્તૂર વિજયજી ગણિ | ૨૩૯૦ |
| ૭૧) | પૂ. પં. શ્રી મણિવિજયજી ગણિ (દાદા) | ૨૪૦૫ |
| ૭૨) | પૂ. પં શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મ. | ૨૪૦૮ |
| ૭૩) | પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્ર વિજયજી મ. | ૨૪૧૯ |
| ૭૪) | શાસન સમ્રાટ્ આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. | ૨૪૭૫ |

(વિધિ અને યોગોદ્વહન પૂર્વક થયેલા છેલ્લા ૨૩૫ વર્ષમાં સર્વ પ્રથમ આચાર્ય ભગવંત)

jainuniversity.org

### માથુરી વાચનાનુસાર સ્થવિર ક્રમ

૧. સુધર્માં
૨. જમ્બૂ
૩. પ્રભવ
૪. શય્યમ્ભવ
૫. યશોભદ્ર
૬. સમ્ભૂતિવિજય
૭. ભદ્રબાહુ
૮. સ્થૂલભદ્ર
૯. મહાગિરિ
૧૦. સુહસ્તી
૧૧. બલિસ્સહ
૧૨. સ્વાતિ
૧૩. શ્યામાર્ય
૧૪. શાણ્ડિલ્ય
૧૫. સમુદ્ર
૧૬. મંગૂ
૧૭. નન્દિલ
૧૮. નાગહસ્તી
૧૯. રેવતિનક્ષત્ર
૨૦. બ્રહ્મદ્વીપિકસિંહ
૨૧. સ્કન્દિલાચાર્ય
૨૨. હિમવન્ત
૨૩. નાગાર્જુન વાચક
૨૪. ભૂતદિન્ન
૨૫. લૌહિત્ય
૨૬. દૂષ્યગણિ
૨૭. દેવર્દ્ધિગણિ

### વલ્લભી વાચનાનુસાર સ્થવિર ક્રમ

૧. સુધર્માં
૨. જમ્બૂ
૩. પ્રભવ
૪. શય્યમ્ભવ
૫. યશોભદ્ર
૬. સમ્ભૂતિવિજય
૭. ભદ્રબાહુ
૮. સ્થૂલભદ્ર
૯. મહાગિરિ
૧૦. સુહસ્તી
૧૧. કાલકાચાર્ય
૧૨. રેવતિમિત્ર
૧૩. આર્ય સમુદ્ર
૧૪. આર્ય મંગૂ
૧૫. આર્ય ધર્મ
૧૬. ભદ્રગુપ્ત
૧૭. શ્રીગુપ્ત
૧૮. આર્ય વજ્ર
૧૯. આર્ય રક્ષિત
૨૦. પુષ્યમિત્ર
૨૧. વજ્રસેન
૨૨. નાગહસ્તી
૨૩. રેવતિમિત્ર
૨૪. બ્રહ્મદ્વીપિક સિંહસૂરિ
૨૫. નાગાર્જૂન

### પલ્લિવાલ ગચ્છ

(માથુરી વાચના પ્રમાણેના શાણ્ડિલ્ય મ.સા.થી આ ગચ્છ અલગ પડેલ છે.)

૧૩. આર્યગુપ્તસૂરિ
૧૪. વૃદ્ધવાદીસૂરિ
૧૫. સોમદેવસૂરિ
૧૬. નાગદિન્નસૂરિ
૧૭. નરદેવસૂરિ
૧૮. સૂરસેનસૂરિ
૧૯. ધર્મકીર્તિસૂરિ
૨૦. સુરપ્રિયસૂરિ
૨૧. ધર્મઘોષસૂરિ
૨૨. નિર્વૃતિસૂરિ
૨૩. ઉદિતસૂરિ
૨૪. ચન્દ્રશેખરસૂરિ
૨૫. સુઘોષસૂરિ
૨૬. મહીધરસૂરિ
૨૭. દાનપ્રિયસૂરિ
૨૮. મુનિચન્દ્રસૂરિ
૨૯. દયાનન્દસૂરિ
૩૦. ધનમિત્રસૂરિ
૩૧. સોમદેવસૂરિ
૩૨. ગુણન્ધરસૂરિ
૩૩. મહાનન્દસૂરિ

jainuniversity.org

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪. | સન્મતિસૂરિ | ૪૫. | નેમિસૂરિ | ૫૬. | વિમલસૂરિ |
| ૩૫. | ઈન્દ્રદેવસૂરિ | ૪૬. | સુવ્રતસૂરિ | ૫૭. | નરોત્તમસૂરિ |
| ૩૬. | ભટ્ટસ્વામી | ૪૭. | દિનેશ્વરસૂરિ | ૫૮. | સ્વાતિસૂરિ |
| ૩૭. | જિનપ્રભાચાર્ય | ૪૮. | મહેશ્વરસૂરિ | ૫૯. | હેમસૂરિ |
| ૩૮. | માનદેવાચાર્ય | ૪૯. | દેવસૂરિ | ૬૦. | હર્ષસૂરિ |
| ૩૯. | સરવણાચાર્ય | ૫૦. | ન(ર?)દેવસૂરિ | ૬૧. | કમલચન્દ્રસૂરિ |
| ૪૦. | સૂરાચાર્ય | ૫૧. | કૃષ્ણસૂરિ | ૬૨. | ગુણમાણિક્યસૂરિ |
| ૪૧. | દેલ્લમહત્તરસૂરિ | ૫૨. | વિષ્ણુસૂરિ | ૬૩. | સુન્દરચન્દ્રસૂરિ |
| ૪૨. | દુર્ગસ્વામી, ગર્ગાચાર્ય | ૫૩. | શ્રામ્રદેવસૂરિ | ૬૪. | પ્રભુચન્દ્રસૂરિ |
| ૪૩. | શ્રીષેણ, સિદ્ધાચાર્ય | ૫૪. | સોમતિલકસૂરિ | | |
| ૪૪. | ધર્મમતિસૂરિ | ૫૫. | ભીમદેવસૂરિ | | |

**પૌર્ણમિક (પૂર્ણિમા) ગચ્છ**

આ ગચ્છની શરૂઆત ચન્દ્રપ્રભસૂરિથી થયેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | ચન્દ્રપ્રભસૂરિ | ૧૦. | શ્રી હેમપ્રભસૂરિ |
| ૨. | ધર્મઘોષસૂરિ | ૧૧. | શ્રી રત્નશેખરસૂરિ |
| ૩. | શ્રી દેવભદ્રસૂરિ | ૧૨. | શ્રી રત્નસાગરસૂરિ |
| ૪. | શ્રી જિનદત્તસૂરિ | ૧૩. | ગુણસાગરસૂરિ |
| ૫. | શ્રી શાન્તિભદ્રસૂરિ | ૧૪. | શ્રી ગુણસમુદ્રસૂરિ |
| ૬. | શ્રી ભુવનતિલકસૂરિ | ૧૫. | શ્રી સુમતિપ્રભસૂરિ |
| ૭. | શ્રી રત્નપ્રભસૂરિ | ૧૬. | શ્રી પુણ્યરત્નસૂરિ |
| ૮. | શ્રી હેમતિલકસૂરિ | ૧૭. | શ્રી સુમતિરત્નસૂરિ |
| ૯. | શ્રી હેમરત્નસૂરિ | | |

**બૃહદ ગચ્છ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫. | ચન્દ્રસૂરિ | ૨૧. | વીરસૂરિ | ૨૭. | માનદેવસૂરિ |
| ૧૬. | સમન્તભદ્રસૂરિ(અરણ્યવાસી) | ૨૨. | જયદેવસૂરિ | ૨૮. | વિબુધપ્રભસૂરિ |
| ૧૭. | વૃદ્ધદેવસૂરિ | ૨૩. | દેવાનન્દસૂરિ | ૨૯. | જયાનન્દસૂરિ |
| ૧૮. | પ્રદ્યોતનસૂરિ | ૨૪. | વિક્રમસૂરિ | ૩૦. | રવિપ્રભસૂરિ |
| ૧૯. | માનદેવસૂરિ | ૨૫. | નરસિંહ સૂરિ | ૩૧. | યશોદેવસૂરિ |
| ૨૦. | માનતુંગસૂરિ | ૨૬. | સમુદ્રસૂરિ | ૩૨. | પ્રદ્યુમ્નસૂરિ |

૩૩. માનદેવસૂરિ
૩૪. વિમલચન્દ્ર
૩૫. ઉદ્યોતનસૂરિ
૩૬. સર્વદેવસૂરિ
૩૭. રૂપદેવસૂરિ
૩૮. સર્વદેવસૂરિ
૩૯. યશોભદ્રસૂરિ અથવા નેમિચન્દ્રસૂરિ
૪૦. મુનિચન્દ્રસૂરિ
૪૧. વાદી દેવસૂરિ
૪૨. માનદેવસૂરિ
૪૩. હરિભદ્રસૂરિ
૪૪. પૂર્ણચન્દ્રસૂરિ
૪૫. નેમિચન્દ્રસૂરિ
૪૬. શ્રી મયચન્દ્રસૂરિ
૪૭. મુનિશેખરસૂરિ
૪૮. તિલકસૂરિ
૪૯. ભદ્રેશ્વરસૂરિ
૫૦. મુનીશ્વરસુમતિ – ભટ્ટારક
૫૧. રત્નપ્રભસૂરિ
૫૨. મહેન્દ્રસૂરિ
૫૩. રત્નાકરસૂરિ
૫૪. મેરુપ્રભસૂરિ
૫૫. રાજરત્નસૂરિ
૫૬. મુનિદેવસૂરિ
૫૭. રત્નશેખરસૂરિ
૫૮. પુષ્પપ્રભસૂરિ
૫૯. સંયમરાજસૂરિ
૬૦. ભાવસૂરિ
૬૧. ઉદયરાજસૂરિ
૬૨. ભ. શીલદેવસૂરિ
૬૩. સુરેન્દ્રસૂરિ
૬૪. પ્રભાકરસૂરિ
૬૫. માણિક્યદેવસૂરિ
૬૬. દામોદરસૂરિ
૬૭. દેવસૂરિ
૬૮. નરેન્દ્રદેવસૂરિ

jainuniversity.org

**શ્રી ઉકેશ ગચ્છ પટ્ટાવલી**

**પાર્શ્વનાથ શિષ્ય**

૧. ગણધર શ્રી શુભદત્ત
૨. ત. હરિદત્ત
૩. આર્ય સમુદ્ર
૪. શ્રી કેશી ગણધર
૫. સ્વયમ્પ્રભસૂરિ
૬. રત્નપ્રભસૂરિ
૭.
૮. યક્ષદેવાચાર્ય
૯. કક્કસૂરિ
૧૦. દેવગુપ્તસૂરિ
૧૧. સિદ્ધસૂરિ
૧૨. રત્નપ્રભસૂરિ
૧૩. યક્ષદેવસૂરિ
૧૪. કક્કસૂરિ
૧૫. દેવગુપ્તસૂરિ
૧૬. સિદ્ધસૂરિ
૧૭. રત્નપ્રભસૂરિ
૧૮. યક્ષદેવસૂરિ
૧૯. કક્કસૂરિ
૨૦. દેવગુપ્તસૂરિ
૨૧. સિદ્ધસૂરિ
૨૨. રત્નપ્રભસૂરિ
૨૩. યક્ષદેવસૂરિ
૨૪. કક્કસૂરિ
૨૫. દેવગુપ્તસૂરિ
૨૬. સિદ્ધસૂરિ
૨૭. રત્નપ્રભસૂરિ
૨૮. યક્ષદેવસૂરિ
૨૯. કક્કદેવસૂરિ
૩૦. દેવગુપ્તસૂરિ
૩૧. સિદ્ધસૂરિ
૩૨. રત્નપ્રભસૂરિ
૩૩. યક્ષદેવસૂરિ
૩૪. કકુદદેવસૂરિ
૩૫. દેવગુપ્તસૂરિ
૩૬. સિદ્ધસૂરિ
૩૭. કક્કદેવસૂરિ
૩૮. દેવગુપ્ત
૩૯. સિદ્ધસૂરિ
૪૦. કક્કસૂરિ
૪૧. દેવગુપ્ત
૪૨. સિદ્ધસૂરિ
૪૩. કક્કસૂરિ
૫૭. સિદ્ધસૂરિ
૭૧. દેવગુપ્તસૂરિ

૪૪. શ્રીદેવગુપ્તસૂરિ
૪૫. સિદ્ધસૂરિ
૪૬. કક્કસૂરિ
૪૭. દેવગુપ્તસૂરિ
૪૮. સિદ્ધસૂરિ
૪૯. કક્કસૂરિ
૫૦. દેવગુપ્તસૂરિ
૫૧. સિદ્ધસૂરિ
૫૨. કક્કસૂરિ
૫૩. દેવગુપ્તસૂરિ
૫૪. સિદ્ધસૂરિ
૫૫. કક્કસૂરિ
૫૬. દેવગુપ્તસૂરિ
૫૮. કક્કસૂરિ
૫૯. દેવગુપ્તસૂરિ
૬૦. સિદ્ધસૂરિ
૬૧. કક્કસૂરિ
૬૨. દેવગુપ્તસૂરિ
૬૩. સિદ્ધસૂરિ
૬૪. કક્કસૂરિ
૬૫. દેવગુપ્તસૂરિ
૬૬. સિદ્ધસૂરિ
૬૭. કક્કસૂરિ
૬૮. દેવગુપ્તસૂરિ
૬૯. શ્રી સિદ્ધસૂરિ
૭૦. કક્કસૂરિ
૭૨. સિદ્ધસૂરિ
૭૩. કક્કસૂરિ
૭૪. દેવગુપ્તસૂરિ
૭૫. સિદ્ધસૂરિ
૭૬. કક્કસૂરિ
૭૭. દેવગુપ્તસૂરિ
૭૮. શ્રી સિદ્ધસૂરિ
૭૯. શ્રી કક્કસૂરિ
૮૦. દેવગુપ્તસૂરિ
૮૧. સિદ્ધસૂરિ
૮૨. શ્રી કક્કસૂરિ
૮૩. શ્રી દેવગુપ્તસૂરિ
૮૪. શ્રી સિદ્ધસૂરિ

jainuniversity.org

(ભગવાન મહાવીરની પરંપરાના ૧ થી ૩૧ મી પાટ સુધીના પૂ. યશોદેવ (યશોભદ્ર) સૂરિ મ. થી અલગ થયેલ ખરતર ગચ્છના નામો નીચે પ્રમાણે જણાય છે.)

**ખરતર ગચ્છ**

૩૨) શ્રી વિમલચંદ્રસૂરિ મ.
૩૩) શ્રી દેવચંદ્રસૂરીશ્વરજી મ.
૩૪) શ્રી નેમિચંદ્રસૂરિ મ.
૩૫) શ્રી ઉદ્યોતનસૂરિ મ.
૩૬) શ્રી વર્ધમાનસૂરિ મ.
૩૭) શ્રી જિનેશ્વરસૂરિ મ.
૩૮) શ્રી જિનચંદ્રસૂરિ મ.
૩૯) શ્રી જિનરત્નસૂરિ મ.
૪૦) શ્રી જિનચન્દ્રસૂરિ મ.
૪૧) શ્રી જિનસુખસૂરિ મ.
૪૨) શ્રી જિન ભક્તિસૂરિ મ.
૪૩) શ્રી પ્રીતિ સાગરસૂરિ મ.
૪૪) શ્રી અમૃતધરસૂરિ મ.
૪૫) શ્રી ક્ષમાકલ્યાણોપાધ્યાય મ.
૪૬) શ્રી ધર્માનન્દસૂરિ મ.
૪૭) શ્રી રાજસાગરસૂરિ મ.
૪૮) શ્રી ઋદ્ધિસાગરસૂરિ મ.
૪૯) શ્રી ગણનાયક સુખસાગરજી મ.
૫૦) શ્રી ભગવાન સાગરજી મ.
૫૧) શ્રી છગન સાગરજી મ.
૫૨) શ્રી ત્રૈલોક્ય સાગરજી મ.
૫૩) શ્રી હરિસાગર સૂરિજી મ.
૫૪) શ્રી આનંદસાગર સૂરિજી મ.
૫૫) શ્રી કવીન્દ્રસાગર સૂરિજી મ.
૫૬) શ્રી ગણાધીશ હેમેન્દ્રસાગરજી મ.
૫૭) શ્રી ઉદયસાગર સૂરિજી મ.
૫૮) શ્રી કાન્તિસાગર સૂરિજી મ.
૫૯) શ્રી મહોદયસાગર સૂરિજી મ.

(૩૬નંબરના આચાર્ય થી છૂટી પડતી અને શ્રી મેરુતુંગસૂરિએ રચેલી પટ્ટાવલીના ક્રમ પ્રમાણે અંચલ ગચ્છની પરંપરા નીચે પ્રમાણે જણાય છે.)

**અંચલ ગચ્છ**

૩૭) શ્રી પદ્મદેવસૂરિજી મ.
૩૮) શ્રી ઉદયપ્રભસૂરિજી મ.
૩૯) શ્રી પ્રભાનંદસૂરિજી મ.
૪૦) શ્રી ધર્મચંદ્રસૂરિજી મ.
૪૧) શ્રી સુવિનયચંદ્રસૂરિજી મ.
૪૨) શ્રી ગુણસમુદ્રસૂરિજી મ.
૪૩) શ્રી વિજયપ્રભસૂરિજી મ.
૪૪) શ્રી નરચંદ્રસૂરિજી મ.
૪૫) શ્રી વીરચંદ્રસૂરિજી મ.
૪૬) શ્રી જયસંઘસૂરિજી મ.
૪૭) શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.
૪૮) શ્રી જયસિંહસૂરિજી મ.
૪૯) શ્રી ધર્મઘોષસૂરિજી મ.
૫૦) શ્રી મહેંદ્રસિંહસૂરિજી મ.
૫૧) શ્રી સિંહપ્રભસૂરિજી મ.
૫૨) શ્રી અજિતપ્રભસૂરિજી મ.
૫૩) શ્રી દેવેંદ્રસિંહસૂરિજી મ.
૫૪) ધર્મપ્રભસૂરિજી મ.
૫૫) સિંહતિલકસૂરિજી મ.
૫૬) શ્રી મહેંદ્રપ્રભસૂરિજી મ.
૫૭) શ્રી મેરુતુંગસૂરિજી મ.
૫૮) શ્રી જયકીર્તીસૂરિજી મ.
૫૯) શ્રી જયકેસરિસૂરિજી મ.
૬૦) શ્રી સિદ્ધાંતસાગરસૂરિજી મ.
૬૧) શ્રી ભાવસાગરસૂરિજી મ.
૬૨) શ્રી ગુણનિધાનસૂરિજી મ.
૬૩) શ્રી ધર્મમૂર્તિસૂરિજી મ.
૬૪) શ્રી કલ્યાણસૂરિજી મ.
૬૫) શ્રી અમરસાગરસૂરિજી મ.
૬૬) શ્રી વિદ્યાસાગરસૂરિજી મ.
૬૭) શ્રી ઉદયસાગરસૂરિજી મ.
૬૮) શ્રી કીર્તિસાગરસૂરિજી મ.
૬૯) શ્રી પુણ્યસાગરસૂરિજી મ.
૭૦) શ્રી રાજેંદ્રસારગસૂરિજી મ.
૭૧) શ્રી મુક્તિસાગરસૂરિજી મ.
૭૨) શ્રી રત્નસાગરસૂરિજી મ.
૭૩) શ્રી વિવેકસાગરસૂરિજી મ.
૭૪) શ્રી જિનેંદ્રસાગરસૂરિજી મ.

(શ્રી ઉદ્યોતનસૂરીશ્વજી(૩૫)ના ૮૪ શિષ્યોના નામ અને શ્રી ઉદ્યોતનસૂરીશ્વરજી મ. અંગેનો ટૂંકો ઈતિહાસ નીચે પ્રમાણે છે.)

આ શ્રી ઉદ્યોતનસૂરિજી સર્વ મુનિવરોને માનનીય મહાપ્રભાવિક યુગપ્રધાન આચાર્ય થયેલા છે. આ શ્રી ઉદ્યોતનસૂરિજી માટે શ્રી ભાવસાગરસૂરિજીએ શ્રી વીરવંશગુર્વાવલિમાં કહ્યું છે કે –

**વિબુહપહો જયનંદો । રવિપહસૂરિસરો જસોદેવો ॥**

**સિરિવિમલચંદસૂરી । તત્તો ઉજ્જોયણો સુગુરુ ॥૩૨॥**

અર્થ : વિબુધપ્રભસૂરિ, જયાનંદસૂરિ,રવિપ્રભસૂરિ, યશોદેવસૂરિ, વિમલચંદ્રસૂરિ અને ત્યારપછી શ્રીઉદ્યોતનસૂરિનામે ઉત્તમ ગુરુ થયા.

એક વખતે આ શ્રી ઉદ્યોતનસૂરિજી વિહાર કરતા થકા અનુક્રમે પોતાના ચોર્યાસી શિષ્યોના પરિવારસહિત યાત્રા કરવા માટે આબુપર્વતપર પધાર્યા. ત્યાં યાત્રા કરી તે પર્વતપરથી ઉતરીને પરિવારસહિત “ટેલી” નામના ગામની નજીકમાં રહેલા એક વિશાળ વૃક્ષની નીચે માર્ગે ચાલવાથી થયેલા શ્રમને દૂર કરવામાટે બેઠા. એવામાં આકાશમાં રહેલી શાસનદેવીએ તેમને કહ્યું કે, હે ભગવન્ ! અહીંજ જો આપ આપના શિષ્યોને સૂરિપદ આપશો, તો આ વડના વૃક્ષની શાખાઓની પેઠે આપના સંતાનોની પરંપરા વૃદ્ધિ પામશે. તે સાંભળી ખુશી પામેલા શ્રી ઉદ્યોતનસૂરિજીએ તે સઘળા ચોર્યાસી શિષ્યોને યોગ્ય જાણીને તે સર્વેને વિક્રમ સંવત ૭૨૩માં ત્યાં સૂરિપદો (આચાર્યપદો) આપ્યાં. એ રીતે વડના વૃક્ષની નીચે સૂરિપદ આપવાથી તેમના ગચ્છનું મુખ્ય ‘વડગચ્છ’ નામ પ્રસિદ્ધ થયું. તે શ્રી ઉદ્યોતનસૂરિજીએ પોતાના જે ચોર્યાસી શિષ્યોને સૂરિપદ આપ્યાં, તેમના નામો એક અત્યંત પ્રાચીન હસ્તલિખિત લેખમાં નીચે પ્રમાણે લખેલાં છે. પણ જમણા પડખાનો ભાગ જીર્ણતાને લીધે નષ્ટ થયેલો છે, તેથી કોઈ કોઈ નામો તેમાં સંપૂર્ણ મળી શક્યાં નહોતાં, પરંતુ બીજી એક પટ્ટાવલીની પ્રતમાંથી તે નામો મળી આવતાં તે સાથે મેળવીને આ નામો લખેલાં છે, અને તેમાં પણ જે જે નામોમાં ફેર હતો, તે કૌંસમાં આપેલાં છે.

૧. શ્રી સર્વદેવસૂરિ

૨. શ્રી પ્રભાનંદસૂરિ

૩. શ્રી હરિયાણંદસૂરિ

૪. શ્રી શિવદેવસૂરિ

૫. શ્રી જિનેંદ્રસૂરિ

૬. શ્રી દયાણંદસૂરિ

૭. શ્રી ગુણપ્રભસૂરિ

૮. શ્રી આણંદસૂરિ

૯. શ્રી ધર્માણસૂરિ

૧૦. શ્રી રાજાણંદસૂરિ

૧૧. શ્રી સૌભાગ્યચંદ્રસૂરિ

૧૨. શ્રી દેવેંદ્રસૂરિ

૧૩. શ્રી ધનેશ્વરસૂરિ

૧૪. શ્રી પ્રજ્ઞાણંદસૂરિ

૧૫. શ્રી સર્વાણંદસૂરિ

૧૬. શ્રી સંઘાણંદસૂરિ

(શ્રી જયપ્રભસૂરિ)

૧૭. શ્રી સોમારાજીણંદસૂરિ

૧૮. શ્રી યક્ષાયણસૂરિ

(શ્રી જિનરત્નસૂરિ)

૧૯. શ્રી શાલિંગસૂરિ

૨૦. શ્રી સામંતસૂરિ

૨૧. શ્રી શિવપ્રભસૂરિ

૨૨. શ્રી ઉદયગજસૂરિ

૨૩. શ્રી દેવરાજસૂરિ

૨૪. શ્રી ગાંગેયસૂરિ

૨૫. શ્રી ગોપ્રભસૂરિ

૨૬. શ્રી ધર્મસિંઘસૂરિ

૨૭. શ્રી સંઘસેનસૂરિ

૨૮. શ્રી સોમતિલકસૂરિ

૨૯. શ્રી ચારિત્રસૂરિ

૩૦. શ્રી ભાનુસૂરિ

૩૧. શ્રી ભાનુસિંઘસૂરિ

૩૨. શ્રી વિનયપ્રભસૂરિ

૩૩. શ્રી વિજયાણંદસૂરિ

૩૪. શ્રી વલ્લભસૂરિ

૩૪. શ્રી વલ્લભસૂરિ

૩૫. શ્રી દાનદેવસૂરિ

૩૬. શ્રી માનરાજસૂરિ

૩૭. શ્રી રાજદેવસૂરિ

૩૮. શ્રી જોગાણંદસૂરિ

૩૯. શ્રી ભીમરાજસૂરિ

૪૦. શ્રી ભોજપ્રભસૂરિ

૪૧. શ્રી કૃષ્ણસૂરિ

૪૨. શ્રી ગોવર્ધનસૂરિ

૪૩. શ્રી પદ્માણંદસૂરિ

૪૪. શ્રી નારાયણસૂરિ

૪૫. શ્રી કર્મચંદસૂરિ

૪૬. શ્રી ભાવદેવસૂરિ

૪૭. શ્રી દેવરત્નસૂરિ

૪૮. શ્રી નાઈલ્લસૂરિ

૪૯. શ્રી નગરાજસૂરિ

(શ્રી નાગાર્જુનસૂરિ)

૫૦. શ્રી પાંડુસૂરિ

૫૧. શ્રી પુષ્કલસૂરિ

૫૨. શ્રી ડોડસૂરિ

(શ્રી ડાંમરસૂરિ)

૫૩. શ્રી ખીમરાજસૂરિ

૫૪. શ્રી યાદવસૂરિ

૫૫. શ્રી વીરસૂરિ

૫૬. શ્રી મથુરાસૂરિ

૫૭. શ્રી મંગલસૂરિ

૫૮. શ્રી જિનસિંહસૂરિ

૫૯. શ્રી વીરચંદ્રસૂરિ

૬૦. શ્રી વૃદ્ધદેવસૂરિ

૬૧. શ્રી શીલદેવસૂરિ

૬૨. શ્રી શાંબસૂરિ

૬૩. શ્રી પ્રિયાંગસૂરિ

૬૪. શ્રી આશાણંદસૂરિ

(શ્રી આસચંદ્રસૂરિ)

૬૫. શ્રી રામસૂરિ

(શ્રી અમરરત્નસૂરિ)

૬૬. શ્રી રવિપ્રભસૂરિ

૬૭. શ્રી પ્રભાસેનસૂરિ

૬૮. શ્રી આણંદરાજસૂરિ

૬૯. શ્રી પ્રજ્ઞાપ્રભસૂરિ

૭૦. શ્રી બ્રહ્મસૂરિ

૭૧. શ્રી રત્નરાજસૂરિ

૭૨. શ્રી સુરિપ્રભસૂરિ

૭૩. શ્રી કર્ણપ્રભસૂરિ

૭૪. શ્રી મેઘાણંદસૂરિ

૭૫. શ્રી પ્રભુરાજસૂરિ

૭૬. શ્રી સારિંગસૂરિ

૭૭. શ્રી રંગપ્રભસૂરિ

૭૮. શ્રી શ્રીપાલસૂરિ

૭૯. શ્રી ગોકર્ણસૂરિ

(શ્રી ગુણસાગરસૂરિ)

૮૦. શ્રી સિંહદેવસૂરિ

૮૧. શ્રી ભાવસંઘસૂરિ

૮૨. શ્રી બાહડસૂરિ

૮૩. શ્રી લાડણસૂરિ

૮૪. શ્રી જયરાજસૂરિ

હવે તે ઉપર જણાવેલા ચોર્યાસી આચાર્યો ગુરુમહારાજ શ્રી પ્રદ્યોતનસૂરિજીની આજ્ઞાથી ત્યાંથી વિહાર કરી ભિન્ન ભિન્ન નગરો અને ગામોમાં ચાતુર્માસ રહ્યા, અને તે તે નગરો તથા તે તે ગામોના નામોથી તેઓનાં ગચ્છોનાં નામો પ્રસિદ્ધ થયાં. અને એ રીતે ત્યારથી માંડીને જૈનશાસનમાં તે તે આચાર્યોના પરિવારરૂપ ચોર્યાસી ગચ્છોની ઉત્પત્તિ થઈ, એમ સંભવે છે. તે વખતના તે તે ચોર્યાસી ગચ્છોનાં કયાં કયાં નામો હતાં? તે સંબંધિ જો કે ખાતરીલાયક ચોક્કસ નામો હજુસુધિ મળી શક્યાં નથી. પરંતુ પ્રસિદ્ધ થયેલા શિલાલેખો, ધાતુની પ્રતિમાઓપરના લેખો તથા કેટલાક ગ્રંથોવિગેરેની પ્રશસ્તિઓ તથા પટ્ટાવલીઓ વિગેરેમાંથી નીચે જણાવેલાં ગચ્છોનાં નામો મળી આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. નિર્ગ્રંથ | ૨૨. ખરતર | ૪૩. પિપ્પલક | ૬૪. ભિન્નમાલ |
| ૨. કોટિક | ૨૩. આગમિક | ૪૪. સાગર | ૬૫. ધર્મઘોષ |
| ૩. વનવાસી | ૨૪. સ્તવપક્ષ | ૪૫. પ્રશ્નવાહન | ૬૬. દેવનંદિત |
| ૪. ઉપકેશ | ૨૫. વિવંદનીક | ૪૬. શંખેશ્વર | ૬૭. વેગડ |
| ૫. વજ્રશાખા | ૨૬. જીરાઉલા | ૪૭. શેષુર | ૬૮. રાલદ્રા |
| ૬. નાગિલ | ૨૭. નિંબજીય | ૪૮. કૂવડ | ૬૯. શ્ર ી |
| સીદાઘટીય | ૭. ષંડિલ્લ | ૨૮. હસ્તકુંડી | ૪૯. હુંબડ ૭૦. |
| શ્રી પલ્લીય | | | |
| ૮. ચૈત્ર | ૨૯. રાજગચ્છ | ૫૦. જેરંડ | ૭૧. કચ્છોલીવાલ |
| ૯. બ્રહ્મદ્વીપ | ૩૦. રૂદ્રપલ્લીય | ૫૧. છિતરાવાલ | ૭૨. હારીજ |
| ૧૦. હર્ષપુરીય | ૩૧. વાયટીય | ૫૨. કતલકલશ | ૭૩. સૈદ્ધાંતિક |
| ૧૧. મલ્લધારી | ૩૨. ઉકેશ | ૫૩. કતકપરા | ૭૪. હીરાપલ્લીય |
| ૧૨. સાંડેર | ૩૩. પુનમીયા | ૫૪. પાયચંદ | ૭૫. જાત્યોદ્ધાર |
| ૧૩. વડગચ્છ | ૩૪. તપા | ૫૫. કાસદ્રા | ૭૬. કાશદદીય |
| ૧૪. કોરંટ | ૩૫. વિશાવલ | ૫૬. શરવાલ | ૭૭. મધુકર |
| ૧૫. કુચ્ચપુરીય | ૩૬. થારાપદ્રીય | ૫૭. બ્રહ્માણ | ૭૮. સીદ્રાની |
| ૧૬. ચૈત્યવાસી | ૩૭. કૃષ્ણરાજર્ષિ | ૫૮. નાણકીય | ૭૯. જાખડીયા |
| ૧૭. નાણાવલ | ૩૮. પુરંદર | ૫૯. પિપ્પલીયા | ૮૦. ત્રિભવિયા |
| ૧૮. ચિત્રવાલ | ૩૯. કમલા | ૬૦. ભાવડાર | ૮૧. રત્નાકર |
| ૧૯. વિધિપક્ષ(અચલગચ્છ) | ૪૦. ચાંદ્ર | ૬૧. ભાવડહેર | ૮૨. નિગમ |
| ૨૦. જાંગેડ | ૪૧. વિદ્યાધર | ૬૨. ચૈત્રવાલ | ૮૩. પૌષાલિક |
| ૨૧. સાર્ધપૂર્ણિમા | ૪૨. નિર્વૃતિ | ૬૩. વાગડ | ૮૪. નાગર |

આ ચોર્યાસી ગચ્છો સિવાયના કેટલાક પેટા ગચ્છો પણ લેખો વગેરેમાં જોવામાં આવે છે.

# શ્રી ભદ્રબાહુસ્વામી

જિન શાસનને સફળ નેતૃત્વ તેમજ શ્રુતજ્ઞાનની અમૂલ્ય સંપતિ અર્પનાર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી, ભગવાન મહાવીરના સાતમાં પટ્ટધર હતા, યશસ્વી આચાર્ય યશોભદ્રના આ શિષ્ય ચૌદ પૂર્વોના જ્ઞાતા હતા. એમનો જન્મ વીર નિર્વાણ સંવત ૯૪માં થયો, પિસ્તાળીસ વર્ષની વયે સંયમ લીધો અને આચાર્ય સંભૂતિવિજયજી પછી વીર. નિ. સં. ૧૫૬માં એમને આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. ચૌદ વર્ષ સુધી જિનશાસનના યુગપ્રધાનપદને એમણે સંભાળ્યું અને શોભાવ્યું. શ્રુતકેવલી આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી વીર. નિ. સં. ૧૭ માં ૭૬ વર્ષની વયે કાળધર્મ પામ્યા. અર્થવાચનાની દ્રષ્ટિએ આચાર્ય ભદ્રબાહુની સાથે શ્રુતકેવલીનો વિચ્છેદ થયો.

શ્રી ભદ્રબાહુસ્વામીનો જન્મ પ્રતિષ્ઠાનપુર નગરમાં થયો હતો. વરાહમિહિર અને ભદ્રબાહુ એ બંને ભાઇઓ ચાર વેદ અને ચૌદ વિદ્યામાં પારંગત હતા. શ્રુતકેવલી શ્રી યશોભદ્રસૂરિજીનો મેળાપ થતાં બંનેએ દીક્ષા લીધી કિંતુ ચૌદ પૂર્વનું જ્ઞાન અને આચાર્યપદ અર્પણ કરવામાં ભદ્રબાહુ વિશેષ યોગ્ય લાગતાં ગુરુએ તેમને ઉત્તરાધિકારી બનાવ્યા. આથી છંછેડાયેલા વરાહમિહિરે ગુસ્સે થઇને દીક્ષા છોડી દીધી. આ સમયે રાજાને ત્યાં પુત્ર જન્મનો પ્રસંગ આવતાં બાળક એક સો વર્ષનો થશે એવું વરાહમિહિરે ભવિષ્ય ભાખ્યું. જ્યારે એ જ નગરમાં રહેલા સંઘનાયક ભદ્રબાહુસ્વામી વધામણી આપવા આવ્યા નહિં. તેથી તક ઝડપીને વરાહમિહિરે રાજા અને પ્રજાના ભદ્રબાહુસ્વામીની વિરુદ્ધમાં કાન ભંભેર્યા. આ અંગે ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે આજથી સાતમા દિવસે બાળકનું બિલાડીના કારણે અવસાન થવાનું છે, ત્યારે રાજાને સાંત્વન આપવા જઇશ. વરાહમિહિરના ભવિષ્યકથનમાં વિશ્વાસ હોવા છતાં રાજાએ તમામ બિલાડીઓને પકડી પકડીને નગર બહાર જંગલમાં હાંકી કાઢી. બાળકુમારની આસપાસ ચોકી – પહેરો ગોઠવ્યો. બન્યું એવું કે બિલાડીના મહોરાવાળો આગળો બાળકના માથા પર પડતાં બાળકનું મૃત્યુ થયું. આ આઘાતજનક પ્રસંગે ભદ્રબાહુસ્વામી આશ્વાસન આપવા ગયા ત્યારે રાજાએ તેમને અદકેરું માનું આપ્યું. પોતાની ચાલમાં નિષ્ફળ જતાં ક્રોધ અને દ્વેષથી ઘેરાયેલો વરાહમિહિર પછીના જન્મે વ્યંતરદેવ બન્યો અને પોતાના જ્ઞાનથી પૂર્વજન્મ જાણતાં જ જૈન સંઘ તરફ દ્વેષની આગ ભભૂકી ઉઠી. એણે શ્રીસંઘમાં 'મહામારી'નો ઉપદ્રવ ફેલાવ્યો અને અસંખ્ય લોકો ટપોટપ મરવા લાગ્યા. શ્રી સંઘે ભદ્રબાહુસ્વામીને વિનંતી કરતાં તેમણે શ્રુતજ્ઞાનથી સઘળી હકીકત જાણી અને ઉપદ્રવ ટાળવા માટે ''ઉવસગ્ગહરં સ્તોત્ર'' ની રચના કરી. આ મહાન સ્તોત્રની શક્તિના પ્રભાવે વ્યંતરની શક્તિ ક્ષીણ થઇ ગઇ, કલ્પસૂત્ર ના નામથી અતિ પ્રસિદ્ધ પર્યુષણ કલ્પસૂત્ર ની આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ રચનાકરી, એક માન્યતા અનુસાર એમણે દસ સૂત્રો પર નિર્યુક્તિ લખી. આ રીતે જિનશાસનના આ મહાન પ્રભાવક આચાર્યે શાસનનો અને શ્રુતનો એમ બંનેનો અપાર મહિમા કર્યો.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ દશાશ્રુતસ્કંધ, કલ્પ, વ્યવહાર અને નિશીથ એમ ચાર છેદસૂત્રોની રચના કરી મુમુક્ષુ સાધકો પર મહાન ઉપકાર કર્યો. આચારાંગ, સૂત્રકૃતાંગ, આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશાશ્રુતસ્કન્ધ, કલ્પ, વ્યવહાર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત વગેરે આ દસ સૂત્રોના નિર્યુક્તિકાર તરીકે પ્રસિદ્ધ આચાર્ય ભદ્રબાહુએ ભદ્રબાહુ સંહિતા તથા સવા લાખ પદ ધરાવતું 'વસુદેવચરિત' નામનો ગ્રંથ લખ્યો અને એ જ રીતે એમણે આર્ય સ્થૂલભદ્રને પૂર્વોનું જ્ઞાન આપીને એ મહાન વારસાને નષ્ટ થતો બચાવ્યો હતો. તેઓએ સતત બાર વર્ષ સુધી મહાપ્રાણ ધ્યાનની ઉત્કટ યોગ સાધના કરવાની વિરલ ઉપલબ્ધિ મેળવી હતી. ભારતનાં વિભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરીને જિનશાસનનો પ્રસાર અને ઉત્કર્ષ કરનાર ભદ્રબાહુસ્વામીને શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરા પાંચમાં અને અંતિમ શ્રુતકેવલી તરીકે આદરપૂર્વક સન્માને છે.

# શ્રી વજ્રસ્વામી

જન્મજાત યોગી, અંતિમ દસ પૂર્વધર મહર્ષિ શ્રી વજ્રસ્વામીજીનું જીવન સંયમપાલન, આરાધના અને ધર્મપ્રભાવનાના અપૂર્વ ત્રિવેણીસંગમ રૂપ હતું. એમના જીવનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેઓને જન્મ સાથે જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. અને આ પૃથ્વી પર પહેલો પ્રકાશ જોયો તે જન્મદિવસથી જ સંસાર થી વૈરાગ્ય ધારણ કરીને એંશી વર્ષ સુધી આજીવન વિશુદ્ધ સાધુજીવનનું પાલન કર્યું. અવંતિ પ્રદેશની તુમ્બવન નગરીના નિવાસી ધનગિરિ અને સુનંદાના લગ્ન તો થયાં, કિન્તુ, સુનંદા, પતિની આત્મકલ્યાણના સાધનાપથની ઝંખનાને સુપેરે જાણીતી હતી. સુનંદાને ગર્ભસૂચક શુભસ્વપ્ન આવતાં ધનગિરિએ કહ્યું કે તને થોડા જ સમયમાં પુત્રનો આધાર સાંપડશે, તો હવે તારી અનુમતિ હોય તો મારી દીક્ષા લઇને આત્મકલ્યાણ સાધવાની ભાવના છે. આદર્શ આર્યનારીની પેઠે સુનંદાએ ધનગિરિને અનુમતિ આપી. વી. નિ. સં. ૪૯૬માં સુનંદાએ પુત્રને જન્મ આપ્યો. આ સમયે સુનંદાની સહિયરો અને પરિવારજનોએ હર્ષોલ્લાસભેર પુત્ર જન્મની ઉજવણી કરી. આનંદના આ અવસરે કોઇએ એમ કહ્યું કે જો આ બાળકના પિતા ધનગિરિએ દીક્ષા લીધી ન હોત અને અહીં હાજર હોત, તો આ જન્મોત્સવની ઉજવણી ઓર દીપી ઉઠત.

આ વાક્ય નવજાત શિશુને કાન અથડાતાં જ એને પૂર્વજન્મના સંસ્કારને લીધે જાતિસ્મરણ જ્ઞાન થયું. બાળકે મનોમન વિચાર્યું કે માતા વાત્સલ્યથી વીંટાળી દે નહીં તે માટે એણે તત્કાળ રડવાનું શરૂ કર્યું. પૂરા છ મહિના સુધી રાત-દિવસના એના રુદનથી માતા સુનંદા હેરાનપરેશાન થઇ ગઇ અને એક દિવસ અકળાઇને મુનિ ધનગિરિને આ સતત રડતો બાળક જ વહોરાવી દીધો. બાળક પિતા મુનિને પધરાવતાં જ શાંત થઇ ગયો. મુનિ ધનગિરિ ઝોળીમાં લઇને ગુરુ આર્યસિંહગિરિ પાસે આવ્યા ત્યારે ગુરુએ વજનદાર ઝોળીને જોઇને કહ્યું કે આ તો વજ્ર સમાન અત્યંત ભારયુક્ત છે. ગુરુએ ઝોળી ખોલીને જોયું તો એમાંથી બાળક નીકળ્યો. ગુરુએ એનું નામ 'વજ્ર' રાખ્યું આ બાળકનો સાધ્વીજી અને શ્રાવિકાઓ દ્વારા ઉછેર થતો ગયો.

ત્રણેક વર્ષ બાદ પુત્ર પ્રત્યેનું વાત્સલ્ય પુનઃ જાગૃત થતાં સુનંદાએ પુત્રની માગણી કરી. વાત છેક રાજદરબાર સુધી પહોંચી, છેવટે નક્કી થયું કે બાળક જેના પ્રત્યે આકર્ષિત થાય તેની પાસે એને રાખવો. સુનંદાએ ભાતભાતનાં સુંદર રમકડાં, મધુર સ્વાદિષ્ટ મીઠાઇઓ અને હાથ લંબાવીને વાત્સલ્યભરી ચેષ્ટાઓ દ્વારા બાળકને પોતાની પાસે બોલાવ્યો, પરંતુ બાળક એક તસુ પણ હાલ્યો ચાલ્યો નહીં. એ પછી બાળકના પિતા ધનગિરિએ પોતાનું રજોહરણ ઉઠાવીને કહ્યું કે જો તું તત્વને જાણનારો હોય અને સંયમને ગ્રહણ કરવા માટે ઉત્સુક હોય તો કર્મબંધનને ફગાવી દેવા માટે આ રજોહરણનો સ્વીકાર કર. મુનિ ધનગિરિનું વાક્ય પુરૂં થાય એ પહેલા બાળક વજ્ર પોતાના સ્થાનથી ફરીને એમના ખોળામાં બેસી ગયો અને હાથમાં રજોહરણ લઇને ચામરની માફક ઢોળવા લાગ્યો. આ જોઇને આખો રાજદરબાર સ્તબ્ધ બની ગયો. સુનંદા ઊંડા વિચારમાં ડૂબી ગઇ. પોતાના પતિ, ભાઇ અને પુત્ર ત્રણેએ દીક્ષા લીધી હતી. એણે પણ એ જ સંયમ પંથે પ્રયાણ કરવાનો નિર્ધાર કર્યો. બાળમુનિ વજ્રસ્વામીને જંગલમાં માયા રચીને બે વખત દેવોએ આહાર આપવાનો નક્કી કર્યો, પરંતુ પોતાના બુદ્ધિબળે તેઓ દેવમાયાને કળી ગયા અને આહારનો અસ્વીકાર કર્યો. તેથી દેવોએ એમને વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યા આપી, આ વિદ્યાથી એકવાર વજ્રસ્વામીએ ભારતના ઉત્તર ભાગમાં ભીષણ દુકાળ પડ્યો હતો ત્યારે આકાશગામિની વિદ્યા દ્વારા સમગ્ર સંઘને માહેશ્વરી પુરીમાં મોકલી આપ્યો. અહીં ફૂલો અપ્રાપ્ય હતાં ત્યારે મંત્રબળે વીસ લાખ પુષ્પો વિમાન દ્વારા લઇ આવ્યા. આ રીતે સાધુતા અને સામર્થ્યની પાવન મૂર્તિ સમા આચાર્ય વજ્રસ્વામી વીર નિ. સં. ૫૮૪ માં કાળધર્મ પામ્યા. આવા મહાન આચાર્યના સ્વર્ગગમનની સાથે જ દસમો પૂર્વ અને ચતુર્થ સંહનન(સંઘયણબળ)નો વિચ્છેદ થઇ ગયો. આવા આચાર્યની સ્મૃતિને ચિરસ્થાયી બનાવવા માટે એમના સ્વર્ગગમન પછી વજ્રશાખાની સ્થાપના થઇ.

# શ્રી હરિભદ્રસૂરિ

જૈન ધર્મના મહાન ગ્રંથકાર અને મહાપ્રભાવક આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં વિપુલ સાહિત્યસર્જન કર્યું. પ્રકાંડ વિદ્વત્તા, અપૂર્વ જ્ઞાનપ્રતિભા, વ્યાપક સમભાવ, નિષ્પક્ષ વિવેચનશક્તિ અને વિરલ ભાષા પ્રભુત્વને કારણે તેઓ સમગ્ર ભારતીય સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે, એમણે રચેલા ગણાતા ૧૪૪૪ ગ્રંથો એ જિનશાસનનો અનુપમ જ્ઞાનવૈભવ છે. તેઓ આગમિક સાહિત્યના સર્વપ્રથમ ટીકાકાર હતા અને એમના ગ્રંથો દ્વારા એમણે યોગના વિષયમાં નવી કેડીઓ કંડારી આપી.

તેઓ ચિત્તોડના રાજા જિતારિના 'પુરોહિત' હતા. વેદશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર વગેરેના જાણકાર એવા ૧૪ વિદ્યાના પારગામી હતા. એ સમયે ભારત વર્ષમાં વાદ વિવાદમાં એમને પરાજિત કરનારું કોઇ નહોતું. વિદ્યાનું અભિમાન એટલું કે લોકોમાં એમ કહેવાતું કે આ પંડિત હરિભદ્ર પેટે સોનાનો પટ્ટો, હાથમાં કોદાળી, બગલમાં જાળ અને ખભે નિસરણી રાખીને ઠેર ઠેર ભ્રમણ કરે છે અને છડે ચોક પડકાર ફેંકે છે. પ્રચંડ જ્ઞાનના આફરાથી ફુલીને પેટ ફાટી ન જાય તે માટે પેટ પર સોનાનો એમને જીતવાની ઇચ્છાવાળો કોઇ વાદી પૃથ્વીપટ છોડીને ધરતીમાં પેસી ગયો હશે તો કોદાળીથી ધરતીને ખોદીને હું એને બહાર કાઢીને પરાભવ આપીશ. સાગરના પેટાળમાં છુપાયો હશે તો આ જાળથી માછલાંની માફક બહાર ખેંચી આણીશ. જો એ આકાશે ચડી ગયો હશે તો એને નિસરણીથી પકડીને લાવીને પરાજિત કરી ભોંય ભેગો કરીશ. કળિયુગમાં પોતાને સર્વજ્ઞ માનનારા પંડિત હરિભદ્રે પ્રતિજ્ઞા કરી હતી કે આ પૃથ્વી પર એવો કોઇ જ્ઞાની હોય કે જેનું વચન મારા જેવો સર્વ શાસ્ત્રોનો જ્ઞાતા સમજી ન શકે, તો એનો હું શિષ્ય બની જઇશ.

એક વખત પંડિતરાજ હરિભદ્ર પાલખીમાં બેસીને જતા હતા ત્યારે એમણે એક ધર્માગાર પાસેથી પ્રશાંત મધુર કંઠમાંથી વહેતી ગાથા સાંભળી, પંડિત હરિભદ્રે એનો અર્થ ઉકેલવા ઘણો પ્રયત્નો કર્યો, પરંતુ એનો ભેદ ઉકલતો નહોતો. ચાર વેદો, તમામ ઉપનિષદો અઢારે પુરાણ અને સર્વ વિદ્યામાં પારંગત એવા એ સમયના શ્રેષ્ઠ વિદ્વાન હરિભદ્રના જ્ઞાનના ગર્વનો હિમાલય ઓગળવા માંડ્યો. તેઓ નમ્રભાવે ગાથા બોલનારા સાધ્વીજી પાસે ગયા અને કહ્યું કે આપની આ ગાથાનો અર્થ સમજાવો.

સાધ્વી મહત્તરા યાકિનીએ કહ્યું કે તમારે ગાથાનો અર્થ સમજવો હોય તો અમારા આચાર મુજબ કાલે અમારા ગુરુદેવ આવે ત્યારે જરૂર પધારજો. તેઓ આપને જરૂર એનો મર્મ સમજાવશે. બીજે દિવસે આચાર્ય જિનદત્તસૂરિ પધાર્યા અને એમણે હરિભદ્રને આ ગાથાનો મર્મ સમજાવ્યો. હરિભદ્ર એમના શિષ્ય બન્યા અને સમય જતાં એ પંડિત હરિભદ્ર આચાર્ય હરિભદ્રસૂરિ બન્યા. તેઓ પોતાના પર અવર્ણનીય ઉપકાર કરનાર અને જ્ઞાન– આરાધનાની નવી ક્ષિતિજો બતાવનાર સાધ્વી યાકિની મહત્તરાને પોતાની માતા ગણતા હતા. હવે 'કલિકાલનાસર્વજ્ઞ' જેવાં વિશેષણોથી ઓળખાવું એમને ગમતું નહોતું. જેમ જેમ જૈન શાસ્ત્રોનું જ્ઞાન વધતું ગયું, તેમ તેમ સમય જતાં અંતે પોતાની જાતને અલ્પમતિ તરીકે ઓળખાવતા હતા અને સ્વરચિત ગ્રંથોના સમાપનમાં તેઓ કૃતજ્ઞતાપૂર્વક સાધ્વી યાકિની મહત્તરાનું સ્મરણ કરીને અંતે યાકિની મહત્તરા ધર્મસૂનુ અર્થાત યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે તેઓ પોતાનો પરિચય આલેખતા હતા.

એક સમયે જૈન ધર્મ પ્રત્યેના દ્વેષને કારણે હરિભદ્ર એમ કહેતા હતા કે ગાંડા હાથીના પગ નીચે કચડાઇને મરવું સારું, પરંતુ જિનમંદિરમાં કદીયે જવું નહીં. એ જ હરિભદ્રને એક વાર ઉન્મત હાથીથી જાતને બચાવવા જિનમંદિરનો આશરો લેવો પડ્યો. એ સમયે વીતરાગની મૂર્તિ જોઇને એમણે મજાક પણ કરી હતી કે, તારું શરીર જ મિષ્ટાન્ન ભોજનની સ્પષ્ટ સાક્ષી પૂરે છે, કેમ કે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુંછમ રહે ખરું?

પરંતુ કુદરતની બલિહારી એ કે સમય જતાં તેઓને જૈન ધર્મ અને જિન મંદિરની મહત્તાનો અનુભવ થયો અને પોતાના શબ્દો અને વિચારો બદલી નાખ્યા. એમ કહેવાય છે કે લલ્લિગ શેઠે આપેલા રત્નના પ્રકાશમાં આચાર્ય હરિભદ્રસૂરિજી રાત્રે ગ્રંથ રચના કરતા હતા આવા મહાન આચાર્યનો જીવનકાળ વીર નિર્વાણ સં. ૧૨૨૭ થી ૧૨૯૭ ( વિ. સં. ૭૫૭ થી ૮૨૭) સુધીનો માનવામાં આવે છે.

# શ્રી હીરવિજયસૂરિ

એક દિવસ શહેનશાહ અકબર ફતેહપુરસિક્રિના શાહી મહેલના ઝરૂખામાં બેસીને રાજમાર્ગ તરફ નજર કરતો હતો. એવામાં એણે એક મોટો વરઘોડો જોયો, જેમાં સુદર વસ્રો પરિધાન કરીને ચંપા નામની શ્રાવિકા બિરાજમાન હતી. બાદશાહે તપાસ કરતાં જાણ્યું કે આ શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા છે. આ ઉપવાસમાં માત્ર દિવસે જ ગરમ કરેલું (ઉકાળેલું) પાણી લીધું છે. બીજી કશી ચીજ મોમાં નાખી નથી. આ હકીકત જાણતાં મોગલ બાદશાહના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે શ્રાવિકાને પૂછ્યું. તો જાણ્યું કે આ તો ગુરૂ હીરવિજયસૂરિજી જેવા ધર્મગુરુઓની સુકૃપાનું ફળ છે. અકબર બાદશાહને શ્રી હીરવિજયસૂરિનાં દર્શનની ઇચ્છા જાગી. એમણે અમદાવાદના સૂબેદાર શહાબુદ્દીન અમહદખાં પર આ અંગે ફરમાનપત્ર મોકલ્યો. સૂબેદાર અને અન્ય જૈન શ્રાવકોએ શ્રી હીરવિજયસૂરિજીને ધર્મપ્રભાવના અને ધર્મોપદેશ અર્થે અકબર પાસે જવા વિનંતી કરી.

વિ.સં. ૧૬૩૮ના માગસર સુદ ૭ ને દિવસે ગંધાર બંદરેથી શ્રી હીરવિજયસૂરિએ પ્રયાણ કર્યું. રસ્તામાં આવતા સરોતર ગામમાં અર્જુન ઠાકોર નામના બહારવટિયાને ધર્મોપદેશ આપીને કુવ્યસનોનો ત્યાગ કરાવ્યો. વિ. સં. ૧૬૩૯ના જેઠ વદ ૧૩ને શુક્રવારે શ્રી હીરવિજયસૂરિજી ફતેહપુર પહોંચ્યા. શહેનશાહ અકબરે સૂરિજીને આવતા જોઇને સિંહાસનેથી ઊતરીને સામે ચાલીને પ્રણામ કર્યા. શેખ સલીમ, મુરાદ અને ધનિયાલ – એ અકબરના ત્રણે રાજકુમારોએ પણ નમસ્કાર કર્યા. આ સમયે ફતેહપુરસિક્રીના શાહી મહેલમાં કીમતી ગાલીચા બિછાવેલા હતા. સૂરિજીએ તેના પર ચાલવાની ના પાડી. અકબરને આશ્ચર્ય થયું. હીરવિજયસૂરિએ કહ્યું કે વસ્રથી ઢાંકેલી જમીન પર પગ મૂકવાનો જૈન મુનિઓ માટે નિષેધ છે. કારણ કે કદાચ એની નીચે કીડી કે કોઇ જીવજંતુ હોય તો તે કચડાઇ જાય. અકબરે ગાલીચો ઉપડાવ્યો તો નીચેં સેકડો કીડી– મંકોડા હતાં. બાદશાહે જાણ્યું કે સૂરિજી આટલી મોટી વયે પાદવિહાર કરીને આવ્યા છે, તેથી વિશેષ આશ્ચર્ય થયું.

અકબરે પોતાની કુંડળી અને ભવિષ્ય વિશે પૂછ્યું ત્યારે સૂરિજીએ કહ્યું, આવો ફળાદેશ ગૃહસ્થો આપે. એમને આજીવિકા રળવાની હોય છે. અમે તો માત્ર મોક્ષમાર્ગના જ્ઞાનની અભિલાષા રાખીએ છીએ. આ પ્રસંગે અકબરે ઉપકારનો ભાર હળવો કરવા સોનુ – ચાંદી સ્વીકારવાની વાત કરી, ત્યારે મુનિ મહારાજે કહ્યું, કે તેઓ આવું કશું સ્વીકારી શકે નહીં. એમ છતાં જો આપવું જ હોય તો પાંજરામાં પૂરેલાં પશુ – પંખીને મુક્ત કરો. ડાબર નામના બાર કોશના વિશાળ તળાવમાં હજારો જાળો નાખીને માછીમારી બંધ કરાવો. પર્યુષણ પર્વના દિવસોમાં કોઇ પણ માનવી કોઇ પણ પ્રકારની હિંસા ન કરે તેવું ફરમાન કરો. વર્ષોથી કેદમાં પડેલા કેદીઓને મુક્ત કરો. શહેનશાહ અકબરે સૂરિજીની આજ્ઞા પ્રમાણે કર્યું. તેમાં પણ પર્વાધિરાજ પર્યુઔષણ પર્વના આઠ દિવસમાં બાદશાહે પોતાના તરફથી વધુ ચાર દિવસો ઉમેરીને બાર દિવસ માટે જીવવધ બંધ કરવાનો હુકમ આપ્યો. વળી ગુજરાત, માળવા, અજમેર, દિલ્હી – ફતેહપુર, લાહોર અને મુલતાન સુધીના પોતાના સામ્રાજ્યમાં આ ફરમાન મોકલી આપ્યાં. એ જ રીતે ગિરનાર, તારંગા, શત્રુંજય, કેસરિયાજી, આબુ, રાજગૃહી અને સમેતશિખરજી જેવાં તીર્થોમાં આસપાસ કોઇએ જીવહિંસા કરવી નહિં એવું ફરમાન કર્યું. વિ. સં. ૧૬૪૦માં શ્રી હીરવિજયસૂરિને જગદ્ગુરુની પદવી આપી. એ સમયે આગ્રા, ગ્વાલિયર, અન્ય સ્થાનોમાં વિહાર કરીને શ્રી હીરવિજયસૂરિએ જૈન ધર્મની ખૂબ પ્રભાવના કરી. હજારો હિંદુઓ અને મુસલમાનોએ માંસાહાર અને મદિરાનો ત્યાગ કર્યો.

વિ.સં. ૧૫૮૩માં ઓશવાળ પરિવારમાં જ પાલનપુરમાં જન્મેલા હીરવિજયસૂરિ વિ. સં. ૧૬૧૦માં આચાર્ય બન્યા. એમણે શહેનશાહ અકબરને પ્રતિબોધ આપ્યા બાદ સાઠ વર્ષની ઉંમરે વિહાર કર્યો. એ સમયે શ્રી શંત્રુજય મહાતીર્થમાં દરેક યાત્રાળુ પાસે મુંડકાવેરો લેવાતો હતો. ક્યારેક એક–એક સોનામહોર આપવા છતાં યાત્રાળુને એમની ભાવના પ્રમાણે યાત્રા કરવા દેવામાં આવતી નહોતી. આવો મુંડકાવેરો માફ કરવાનું સૂરિજીના સૂચનથી શહેનશાહ અકબરે ફરમાન કર્યું. સૌરાષ્ટ્રના ઊના ગામમાં વિ.સં. ૧૬૫૨ના ભાદરવા વદ ૧૧ના દિવસે આચાર્યશ્રી સ્વર્ગવાસ પામ્યા. આ સ્થળે એમના અગ્નિસંસ્કાર માટે અકબરે એકસો વિઘા જમીન આપી હતી. અને અકાળે એક રાત્રીમાં બધા આંબાના ઝાડ ઉપર કેરીઓ ઉગી હતી અને કહેવાય છે કે આ સૂરિદેવ પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં.

jainuniversity.org

# શ્રી આનંદ વિમલસૂરીશ્વરજી

આજથી ચારસો વર્ષ પૂર્વે આ પૃથ્વીને પવિત્ર ઉપદેશથી પાવન કરનાર, શત્રુંજયતીર્થના છેલ્લા ઉદ્ધારક, સાધુ સમાજનો ક્રિયોદ્ધાર કરનાર અને વિશીર્ણ થતા જૈનપ્રભાવને પુનઃ પ્રકાશમય બનાવનાર પ્રાતઃસ્મરણીય શ્રી આનંદવિમલસૂરીજી જૈન ઈતિહાસની એક ઉજ્જવલ કીર્તિરૂપ હતા.

તેઓશ્રીનો જન્મ ઈડર નગરમાં વિ. સં. ૧૫૪૭માં વીશા ઓસવાલ ગોત્રમાં થયો હતો. તેઓશ્રીના પિતાનું નામ મેઘાજી અને માતાનું નામ માણેક હતું. તેમનું નામ વાઘજી હતું. અતિશ્રદ્ધાવંત માતાપિતાના પુત્રવાઘજી કુંવરને નાનપણથી જ વૈરાગ્ય-ભાવના જન્મી હતી. તેવામાં તપાગચ્છાધિપતિ શ્રીમદ્ હેમવિમલસૂરીશ્વજી મહારાજનો સુયોગ પ્રાપ્ત થયો. તેમણે બાળક વાઘજીમાં કોઈ અજર અદૃશ્ય શક્તિ નિહાળી અને આ શાસન સ્તંભ થશે, એમ ભવિષ્યવાણી ભાખી તેમના માતાપિતાને સમજાવી વાઘજી કુંવરને વિ.સં. ૧૫૫૨માં દીક્ષા આપી અને અમૃતમેરુ નામ રાખ્યું.

અમૃતમેરુનું તેજ જોતજોતામાં ઝળહળી ઉઠયું. છ દર્શનના જ્ઞાતા અને સિદ્ધાંત પારગામી થતાં ગુરુશ્રીએ તેમને લાલપુરમાં સં. ૧૫૬૮માં ઉપાધ્યાય પદ આપ્યું અને બે વર્ષ બાદ મહોત્સવ પૂર્વક તેમને આચાર્યપદ આપી જૈનાચાર્ય શ્રી આનંદવિમલસૂરિજી તરીકે જાહેરકર્યા તેઓશ્રી ૫૬ મી પાટે બિરાજ્યા.

વિ. સં. ૧૨૦૦માં તપાગચ્છના ઉદ્ધાર પછી આ ત્રણસો વર્ષમાં સાધુ સંસ્થામાં અતિ શિથિલાચાર પ્રવેશ કરી ગયો હતો. પૂજ્ય ગુરુદેવની આજ્ઞા મેળવી શ્રી આનંદવિમળસૂરિજીએ ૫૦૦ સાધુઓને લઈ સં. ૧૫૮૨માં ચાણસ્મા પાસે આવેલા વડાવલી ગામમાં ક્રિયોદ્ધાર કર્યો. આ પછી ગુરુવર્યે તેઓશ્રીને સં. ૧૫૮૩માં ગચ્છનાયક પદે સ્થાપન કર્યા. સં. ૧૫૮૪માં આચાર્યદેવ શ્રી હેમવિમલસૂરીશ્વરજી કાલધર્મ પામ્યા.

આ પછી તેઓશ્રી માળવામાં ગયા. અહીં માણેકચંદ્ર નામનો શ્રાવક તેમનો પરમભક્ત બન્યો. એક વેળા શત્રુંજય મહાત્મ્ય સાંભળી તે યાત્રા કરવા ચાલ્યો અને દર્શન કર્યા વગર અન્નપાણી ન લેવાની પ્રતિજ્ઞા કરી. સાતમે દહાડે સિદ્ધપુર પાસે મગરવાડામાં ભિલ્લ લોકોએ હુમલો કર્યો અને આમાં તેઓ શત્રુંજયના ધ્યાનમાં મૃત્યુ પામ્યા. અહીથી મણિભદ્રવીરની ઉત્પતિ થઈ. આ શાસનરક્ષક વીરને તેમણે દરેક મંદિર અને ઉપાશ્રયમાં સ્થાપન કર્યા. અને તપાગચ્છ શાસનના રક્ષક બનાવ્યા.

સૂરિજીએ માળવા, મેવાડ, મરુધર, ગુર્જર, ખંભાત, સોરઠ, દમણ, મેદપાટ વગેરે દેશમાં વિહાર કરી સદ્ધર્મની પ્રરૂપણા કરી, અનેક કુતીર્થીઓને હરાવ્યા અને ૬૪ કુમતીઓનો પરાજય કરી ૬૪ જિનપ્રાસાદો ઉઘડાવ્યા તેમજ વિ.સં. ૧૫૮૭માં શત્રુંજય ગિરિ પર પધારતાં. તેની જીર્ણ અવસ્થા નિહાળી તે વખતે યાત્રા કરવા આવેલ ચિત્તોડગઢના રહેવાસી ઓસવાલ કુલના બારૂણા કુટુંબના દોશી કર્માશાને ઉપદેશ આપ્યો, ને તેમની પાસે છેલ્લા ઉદ્ધાર કરાવ્યો.

તેઓશ્રીએ જીવનમાં ખૂબ ઉગ્ર તપશ્ચર્યા કર્યા કરી હતી. તેઓની આજ્ઞા નીચે ૧૮૦૦ સાધુઓ વિચરતા હતા, તેઓએ ૫૦૦ સાધુઓને દીક્ષિત કર્યા હતા. આ પછી વિહાર કરતા તેઓશ્રી અમદાવાદ આવ્યા. તેમને લાગ્યું કે મારો અંતિમ સમય નજીક છે, એટલે અનશન ધારણ કર્યું. આ પ્રમાણે નવમે ઉપવાસે અમદાવાદમાં આવેલ નિજામપુરામાં વિ.સં. ૧૫૯૬માં ચૈત્રી સુદી સાતમાના પ્રભાત સમયે તેઓ સ્વર્ગધામ સીધાવ્યા.

તેમનો નશ્વર દેહ ચાલ્યો ગયો, પણ તેમની અક્ષય કીર્તિ દશે દિશાને અજવાળી રહી છે. આજે એ પ્રકાશમાં અનેક ભવ્યજીવો પોતાનું કલ્યાણ સાધી રહ્યા છે. ચિરંજીવ એ યશોમૂર્તિ પ્રત્યેક યુગની વંદના હોજો.

## શ્રી મણિવિજયજી દાદા

દાદાના નામથી સુપ્રસિદ્ધ આજના ૬૮૦ જેટલા સંવેગી સાધુઓમાંતથી ૩૫૦ જેટલા સાધુઓના આદ્યજનક અને જૈન સમાજના અનેક પ્રખર પ્રતાપી સૂરિવરો તથા મુનિવરોના ગુરુવર્ય શ્રી મણિવિજયજી દાદા સંવેગી સાધુતાના ઈતિહાસના અધપ્રણેતા છે.

તેઓશ્રીઓ જન્મ ભોયણી તીર્થ પાસે આધાર ગામમાં વીશાશ્રીમાળી જ્ઞાતિના જીવનદસ શેઠને ઘરે ગુલાબબાઈની કુંખે વિ. સં. ૧૮૫૨ના ભાદરવા મહિનાના શુક્લપક્ષમાં થયો હતો. તેમનું સંસારી નામ મોતીચંદ હતું. મોતીચંદ વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પિતાના ધંધામાં જોડાયા. આ વેળા પિતાશ્રી કામધંધાના અંગે ખેડા જિલ્લાના પેટલી ગામમાં આવીને રહ્યા.

એકવેળા તેઓ સંવેગી સાધુ શિરોમણિ શ્રી કીર્તિવિજયજી મહારાજના પરિચયમાં આવ્યાને અપૂર્વ ધર્મ પ્રતિ થઈ મુનિજીએ મોતીચંદને પરીક્ષા માટે થોડો સમય પોતાની પાસે રાખી પાલી ગામમાં દીક્ષા આપી મણિવિજયજી નામ રાખ્યું. ગુરુમહારાજની અપૂર્વ શ્રદ્ધાથી સેવા કરતા મણિવિજયજી ખૂબ તપશ્ચર્યા કરતા. માસ–બે માસનાં ઉપવાસ, આયંબિલ ચાલું જ હોય. લગભગ એકાશન તો નિયમિત તે ઠામ ચોવિહાર કરે! જીવનને આંતર અને બાહ્ય તપશ્ચર્યાથી નિર્મળ બનાવ્યું. આ નિર્મળતાથી આકર્ષાઈ અનેક પ્રતાપી જીવો તેમના શિષ્ય બન્યા.

વિ. સં. ૧૯૨૨ના જેઠ સુદ ૧૩ના દિવસે તેમને પંન્યાસપદ આપ્યું ને શાસનની અપૂર્વ સેવા કરી તેઓશ્રી રાજનગર ખાતે વિ. સં. ૧૯૩૫ના આસો વદ ૮(આઠમ)ના દિવસે સ્વર્ગવાસી થયા. જૈનસમાજનો શ્રમણ વર્ગનો પ્રતાપી ઈતિહાસ એ પુણ્યપુરૂષને આભારી હોવાથી પ્રત્યેક જૈન બચ્ચો તેમને રોજ અભિવંદે છે.

## શ્રી બુદ્ધિવિજયજી મહારાજ (શ્રી બુટેરાયજી મહારાજ)

આજની સંવેગી સાધુતાના આદિ પ્રચારક, સત્યવીર શ્રી બુટેરાયજી મહારાજનો જન્મ ઈ.સં. ૧૮૬૩માં પંજાબમાં લુધિયાના નજીક દુલવા ગામમાં થયો હતો તેમના પિતાનું નામ ટેકસિંહ અને માતાનું નામ કર્માદે હતું. અડગ ધર્મવીરતા માટે પંકાયેલ શીખ કોમમાં જન્મેલ આ બાળકનું નામ બટેલસિંહ હતું.

ભારતમાં રાજક્રાંતિનો ભડકો થઈને બુઝાઈ ગયો હતો પણ ધર્મક્રાંતિનાં બી બધે વવાઈ ગયાં હતાં. બટેલસિંહને નાનપણથી ધર્મ તરફ આકર્ષણ હતું અને એક દિવસ માતાનાં આંસુઓ વચ્ચે તેમણે સાધુ થવા માટે ગૃહત્યાગ કર્યો. બટેલસિંહ ગુરુ માટે ઠેર ઠેર ભટકી સંન્યાસી. બાવા ને અવધૂતોનો પરિચય સાધ્યો. પણ તેમાં નિષ્ફળતા મળી. નિરાશ થઈ ને પાછા ફર્યા.

પંજાબમાં આ વેળા યતિઓનું અને સ્થાનકવાસી સાધુઓનું પરિબળ હતું પણ યતિવર્ગ કંચન અને કામિનીનો લોભી થતો જતો હોવાથી સ્થાનકવાસી સાધુઓ તરફ લોકોની ભક્તિ જામતી હતી બટેલસિંહને પણ એ આકર્ષણ થયું ને સં. ૧૮૮૮માં પચીસ વર્ષની તરૂણ વયે સ્થાનકવાસી દીક્ષા લીધી. નામ બુટેરાયજી રાખ્યું. સત્યની શોધ માટે નીકળેલા બુટેરાયજીએ જિનાગમ અને જિનવાણીનો અભ્યાસ કર્યો પણ એમાંથી તેમને નવા જ જ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેમને લાગ્યું કે અમારું વર્તન જિનાગમ મુજબ નથી. આ ચોવીસે કલાક મુહપત્તિ બાંધવી તે અને મૂર્તિપૂજાનો વિરોધ જિનાગમ મુજબ નથી. આ ચોવીસે કલાક મુહપત્તિ બાંધવી તે અને મૂર્તિપૂજાનો વિરોધ શાસ્ત્રીય નથી. બસ, અહીંથી તેઓનું મંથન શરૂ થયું. સ્થાનકવાસી સમાજમાં જ્યારે આ વિચારો પ્રસર્યા ત્યારે ધરતીકંપ જેવી લાગણીઓ જન્મી, બુટેરાયજીને નષ્ટભ્રષ્ટ કરવાની ધમકી અપાઈ.

સં. ૧૯૦૨માં મહાપ્રતાપી મૂલચંદજી મહારાજે તેમની પાસે દીક્ષા લીધી. અને એક વર્ષ બાદ જ બન્ને ગુરુ શિષ્યે મુહપત્તિ તોડી નાખી. અનેક ધમકીઓ વચ્ચે પંજાબમાં બન્નેએ સત્યોપદેશ કરતા ઘૂમવા માંડ્યું સં. ૧૯૦૮માં શ્રી વૃદ્ધિચંદ્રજી દીક્ષિત થયા. આ મહાપ્રતાપી ત્રિપુટી પંજાબ છોડી, મારવાડ વીંધી ગુજરાતમાં સદ્‌ધર્મ પ્રરુપણા માટે આવી. સિદ્ધાચલજીની યાત્રા કરી ૧૯૧૧માં ભાવનગર ચાતુર્માસ કર્યું. સં. ૧૯૧૨માં અમદાવાદમાં શ્રી મણિવિજયજી દાદા પાસે તેઓએ સંવેગી દીક્ષા સ્વીકારી. શ્રી મૂલચંદજી અને વૃદ્ધિચંદ્રજી તેમના શિષ્ય બન્યા. ગુજરાતમાં યતિઓનું સામ્રાજ્ય હતું. તેમના શિથિલાચાર સામે સૌએ જેહાદ બોલાવી. આ પછી પુનઃ પંજાબમાં ગયા ત્યાં છ વર્ષ સત્યધર્મનો પ્રચાર કર્યો. સં. ૧૯૨૯માં ગુજરાત પધાર્યા.

સં. ૧૯૩૨માં સ્થાનકવાસી સમુદાયમાંથી બહાર નિકળી સાચા ધર્મની પ્રરૂપણા કરતા આત્મારામજી ૧૮ સાધુઓ સાથે ગુજરાતમાં આવ્યા. મૂલચંદજી મહારાજના હાથે સંવેગી દીક્ષા લઈ તેઓ બુટેરાયજી મહારાજના શિષ્ય થયા.

આ સાધુસમુદાયે ગુજરાત બરાબર ખેડી નાંખ્યું શ્રી બુટેરાયજીને હવે પંજાબ યાદ આવતું હતું તેથી તેમણે મૂલચંદજી મહારાજને ગુજરાત ભળાવ્યું. કાઠિયાવાઢ વૃદ્ધિચંદ્રજી મહારાજને સોપ્યું. શ્રી આત્મારામજી મહારાજને પંજાબ ખેડવા આજ્ઞા કરીને નીતિવિજયજી મહારાજને સુરત તરફ મોકલ્યા. શિષ્યોએ ગુરુ–આજ્ઞાને પરિપૂર્ણ કરી સર્વત્ર જૈન ધર્મનો ડંકો વગાડ્યો.

અલૌકિક ધર્મપ્રેમ, અસીમ આત્મશ્રદ્ધા નિઃસ્વાર્થતાથી ઓપતા આ બાલબ્રહ્મચારી શ્રી બુટેરાયજી મહારાજ આજની સાધુસંસ્થાના આદિ જનક કહેવાય તેવી એમની નિઃસ્પૃહતા અજબ હતી. સમસ્ત જીવનમાં એમણે જૈન સમાજનો ડંકો વગડાવવા બનતું બધું કર્યું અને પોતાની પાછળ ઉજ્જવળ શિષ્ય મંડળીને મુકતા ગયાં, જેમના નામે આજે પણ સાધુ સમાજ જયવંતો છે. તેમના શિષ્યો ૩૫ (પાંત્રીસ) હતા ને આજે તેમના સમુદાયમાં લગભગ ૪૦૦ (ચારસો) સાધુઓ છે.

આવા સત્યવીર બુટેરાયજી મહારાજનો સ્વર્ગવાસ સં. ૧૯૩૮માં થયો વંદન હો એ સત્યવીરની સાધુતાને!

## શ્રી મુક્તિવિજયજી ગણિ (શ્રી મૂલચંદજી મહારાજ)

જેઓ જૈનસંઘરૂપી આકાશમાં સૂર્ય છે અને જે જૈનરૂપી રાજ્યમાં સર્વસત્તાધીશ છે. એવા તે મુનિશ્વરની (મૂલચંદજી મહારાજની)સ્તુતિ કરવા માટે મારી પાસે હજાર જીભ નથી તેનું મને દુઃખ છે.

વર્તમાનના લગભગ ત્રણસોથી સાડાત્રણસો સાધુસમુદાયના આધજનક તપગચ્છાધિપતિ શ્રી મૂલચંદજી મહારાજાનું સ્થાન આધુનિક શ્રમણોના ઈતિહાસમાં અનેરી રીતે પ્રકાશી રહ્યું છે. જીવનભર શાસનસેવા કરનાર, અને સાધુસમુદાયની વૃદ્ધિને વિકાસ કરનાર શ્રી મૂલચંદજી મહારાજ માટે શ્રીમદ્ વિજયાનંદસૂરિજી (આત્મારામજી મહારાજ) પણ પોતાની પૂજામાં તેઓશ્રીને '**સંપ્રતિમુક્તિગણિરાજા**' કહીને બિરુદાવે છે.

તેઓશ્રીનો જન્મ પંજાબ ખાતે શીયાલકોટ નગરમાં સં. ૧૮૮૬માં ઓસવાલ જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ સુખશા અને માતાનું નામ બકોરબાઈ હતું. તેઓશ્રીનું નામ મૂલચંદ હતું. માતાપિતાદિ ઢુંઢકમતના અનુયાયી હોવાથી તેમજ નાનપણથી સ્થાનકમાર્ગી સાધુના સંસર્ગમાં આવવાથી તેમની ઈચ્છા વૈરાગ્ય ધારણ કરવાની થઈ. ચૌદ વર્ષ સુધી વ્યાવહારિક જ્ઞાન મેળવ્યા પછી તેઓએ દીક્ષા લેવાનો પોતાનો વિચાર જાહેર કર્યો. શ્રી બુટેરાયજી મહારાજની કીર્તિ ચોતરફ પ્રસરેલી હતી. વિ.સં. ૧૯૦૨માં તેમણે તેમની પાસે દીક્ષા ધારણ કરી. શ્રી બુટેરાયજી મહારાજને સ્નાકમાર્ગી ધર્મ પરથી શ્રદ્ધા ઉઠી ગઈ હતી. તેથી તેમણે શિષ્ય શ્રી મૂલચંદજી મહારાજ સાથે સંવેગી  દીક્ષા ધારણ કરી આ પછી આઠ વર્ષ સુધી પંજાબમાં સદ્‌ધર્મનો પ્રચાર કરી

તેઓ ગુજરાતમાં આવ્યાં. સં. ૧૯૧૨માં શ્રી મણિવિજયજી દાદા પાસે બરાબર શુદ્ધ દીક્ષા લીધી. બુટેરાયજી મહારાજ શ્રી મણિવિજયજી દાદાના શિષ્ય બન્યા, અને મૂલચંદજી મહારાજ મુક્તિવિજયજી નામ ધારણ કરી તેમના શિષ્ય બન્યા.

સં. ૧૯૧૨નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. આ વેળા નગરશેઠ પ્રેમાભાઈનું તમામ કુટુંબ તેમનું રાગી બન્યું. તેમજ નગરશેઠ હેમાભાઈનાં બહેન ઉજમબહેને વ્યાખ્યાનવાણી માટે પોતાના મકાનને વિશાળ કરી ઉપાશ્રય તરીકે આપ્યું. શ્રી બુટેરાયજી મહારાજની વૃદ્ધાવસ્થા હોવાથી તેઓ અમદાવાદમાં જ રહેવા લાગ્યા, અહીં જ તેમણે ગુરુમહારાજના નામથી વૃદ્ધિચંદ્રજી, આત્મારામજી તથા બીજા વીસ સાધુઓને દીક્ષા આપી. જોતજોતામાં લગભગ પોણો સો સાધુનો સમુદાય વધી ગયો પણ તેમણે જેટલી દીક્ષાઓ આપી તે બીજાના નામથી જ આપી. પોતે શિષ્યમોહમાં કદી ન ફસાયા.

તેમની અપૂર્વ પ્રતિમા અને વિદ્વત્તા નિહાળી દયાવિજયજી મહારાજે સં. ૧૯૨૩માં યોગોદ્વહન કરાવી ગણી પદ આપ્યું. અને આથી બધા સાધુઓને વડીદીક્ષા પણ તેઓજ આપતા આ વખતે આખા સમુદાયમાં ગણી પદ પર તેઓ એકલા જ હતા ને તેઓની આજ્ઞા નીચે વૃદ્ધિચંદ્રજી, શ્રી આત્મારામજી, શ્રી ઝવેરસાગરજી વગેરે રહેતા.

સં. ૧૯૨૧માં મુહપત્તિ માટે ચર્ચા નીકળી. મૂલચંદજી મહારાજે શેઠ દલપતભાઈ ભગુભાઈ પાસે સભા ભરાવી તે પક્ષને હરાવ્યો. આ વેળા શાંતિસાગરજીએ ચર્ચા ઉપાડી ને તેને પણ શાસન માટે અહિતકર્તા સમજી નગરશેઠ પ્રેમાભાઈ દ્વારા દબાવી દીધી. ગુરુમહારાજના સ્વર્ગવાસ પછી તેમણે સમુદાયનું સુકાન અપૂર્વ બુદ્ધિમત્તાથી જાળવી રાખ્યું હતું. તેમની આણા લોપવાની કોઈ સ્વપ્ને પણ કલ્પના ન કરતું. તેઓશ્રી એ નેવું જણાને દીક્ષા આપી, પણ પોતાના શિષ્ય તો પાંચ જ બનાવ્યા. આવી તો નિરાભિમાનતા? યતિવર્ગની અનિષ્ટ સત્તાને પણ તેમણે અપૂર્વ પ્રતિભાથી તોડી નાંખી હતી, શાસનના તેઓ અગ્રણી મનાતા અને બધે તેમની એક છત્રછાયા પથરાઈ રહેતી હતી.

ગુરુવર્ય શ્રી બુટેરાયજી મહારાજ અતિવૃદ્ધ થવાથી તેમની સાથે તેઓ બાર વર્ષ અમદાવાદમાં રહ્યા હતા. આમ દીક્ષા પર્યાયના તેંત્રીસ (૩૩) ચાતુર્માસમાંથી સતાવીસ (૨૭) ચાતુર્માસ તો તેમણે અમદાવાદમાં જ ગાળ્યાં. સં. ૧૯૪૪માં તેમના પગે વ્યાધી ઉપડ્યો. એ વ્યાધિ વધતો જ ગયો. તેમને અમદાવાદથી મેનામાં ભાવનગર લઈ જવામાં આવ્યા. પણ કંઈ સુધારો ન થયો, ને શાસનનો સાચો સીતારો ભાવનગર ખાતે સં. ૧૯૪૫ના માગશર વદ છઠ્ઠ (૬)ના દિવસે સમાધિપૂર્વક આથમી ગયો.

માનવીનો દેહ ક્ષણભંગુર છે. પણ જીવનમાં સુકૃત્યોની સૌરભ અમર સર્જાયેલી છે. સંસારમાં જ્યાં સુધી જ્યોતિ પ્રકાશતી રહેશે ત્યાં સુધી મૂલચંદજી મહારાજ સદાય અમર અને અક્ષય રહેશે. એમનાં કીર્તિગાન સદા ગવાતાં રહેશે.

# મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ

આજના તેમજ ગઈ કાલના કેટલાય પ્રખર આચાર્યો તેમજ મુનિવરોનું ગુરુપદ હાંસલ કરનાર, પરમ પ્રતાપી વૃદ્ધિચંદ્રજી મહારાજ તેમની ક્રિયા તત્પરતા, શાન્તિપ્રિયતા અને નિરાભિમાનતાથી જૈન સમાજમાં જાણીતા છે.

તેઓશ્રીનો જન્મ પંજાબદેશમાં લાહોર જિલ્લાના રામનગર શહેરમાં વિ.સં. ૧૮૯૦ના પોષસુદી ૧૧ના દિવસે થયો હતો. પિતાનું નામ ધર્મજશ અને માતાનું નામ કૃષ્ણાદેવી હતું. જ્ઞાતે તેઓ ઓસવાળ હતા. તેઓશ્રીનું સંસારી નામ કૃપારામ હતું.

ગામઠી નિશાળમાં અભ્યાસ કરી ચૌદવર્ષની ઉંમરે તેઓ દુકાને બેઠા. આ વેળા પંજાબમાં ઢૂંઢકમતનું પ્રાબલ્ય હતું. ધર્મવૃત્તિવાળા કૃપારામ પણ તે મતની ક્રિયાઓ કરવા લાગ્યા. કૃપારામનું વેવીશાળ કરવામાં આવ્યું હતું. પણ કોઈ કારણસર તે તૂટ્યું. બીજે ઠેકાણે વાત ચલાતી હતી. પણ તે મુલતવી રહી. આ વખતે સં. ૧૯૦૩માં બુટેરાયજી મહારાજે, મુનિ મૂળચંદજી તથા શ્રી પ્રેમચંદજી સાથે ઢૂંઢક મતનો ત્યાગ કર્યો.

કૃપારામજીતા હૃદયમાં વૈરાગ્ય ભાવના જાગી હતી. સં. ૧૯૦૫માં તેમણે દીક્ષા લેવાનો વિચાર કર્યો પણ તેમ ન થઈ શક્યું. પણ બુટેરાયજી મહારાજે સં. ૧૯૦૮ના અષાડ સુદી તેરસના દીવસે દીલ્હીમાં દીક્ષા આપી, ને તેમનું નામ વૃદ્ધિચંદ્રજી રાખ્યું વૃદ્ધિચંદ્રજી મહારાજે દીક્ષા પછી અભ્યાસ અને ભક્તિમાં ખૂબ ધ્યાન આપ્યું. આ પછી તેઓ ગુજરાતમાં આવ્યા અહીં તેઓશ્રીની પુણ્યપ્રતિમા ખૂબ વિસ્તરી.

સં. ૧૯૧૨માં અમદાવાદમાં બુટેરાયજી મહારાજ મૂલચંદજી મહારાજ તથા વૃદ્ધિચંદ્રજી વડી દીક્ષા પં. મણિવિજયજી (દાદા) પાસે થઈ વૃદ્ધિચંદ્રજીનું નામ મુનિરાજ શ્રી વૃદ્ધિવિજયજી રાખ્યું. આ પછી તેઓએ ગ્રામાનુગ્રામ વિહાસ કરી ધર્મોપદેશ આપવા માંડ્યો. તેમજ શાસનહિત માટે અનેક કાર્ય કરવા માંડ્યાં તેમની વાણી અતીવ મધુર ને પ્રતાપી હતી. અને છતાં તેઓ એટલા નમ્ર હતા કે કોઈ પણ સામે જરા પણ કડક વર્તન ન દાખવતા. શ્રી બુટેરાયજી મહારાજના સ્વર્ગવાસ પછી તેમણે પોતાના ગુરુભાઈ મૂલચંદજી મહારાજને વડીલ માન્યાને તેમની ભક્તિ-વિનયમાં પોતાની મહત્તા સમજી શત્રુંજયના ઝગડામાં તેમણે બહુ કામ કર્યું તેમજ ભાવનગરમાં ચાલતા ઝગડાને શાંત કર્યો. 'જૈનધર્મ પ્રકાશ' માસિક પણ તેઓની સંમતિનું ફળ હતું.

મહારાજની દીક્ષા પછી પંજાબમાં ત્રણ વર્ષ રહ્યાં. સં. ૧૯૧૧માં ગુજરાતમાં આવ્યા તે પછી પંજાબ ગયા જ નથી. ગુજરાતના ૩૮ (આડત્રીસ) ચોમાસામાં અડધો અડધ ભાવનગરમાં જ કર્યા. તેમણે જીવનમાં છેલ્લી ઘડી સુધી જૈનવિદ્યાશાળા તેમજ પાઠશાળા માટે ફીકર કર્યા કરી. પણ સં. ૧૯૪૯માં વ્યાધિએ જોર કર્યું ને અરિહંત, સિદ્ધ, સાધુના ધ્યાનમાં વૈશાખ સુદી સાતમના સાડાનવ કલાકે દેહોત્સર્ગ કર્યો.

તેમના નામે દીક્ષિત કુલ દસ સાધુઓ હતા, જેમાં કેટલાક પ્રખર પ્રતાપી મુનિવરો ને સૂરિવરોનો સમાવેશ થાય છે. આજે પણ તેમના પવિત્ર નામ પાછળ ૧૨૫-૧૫૦ સાધુશિષ્યોની સંખ્યા છે.

# શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિ

નૈષ્ઠિક બ્રહ્મચર્ય, તેજસ્વી તપોબળ, પ્રબળ આત્મબળ, નૈસર્ગિક બુદ્ધિ- પ્રતિભા અને સાત્વિક પ્રભાવશીલતા ધરાવતા આચાર્યશ્રી વિજયનેમિસૂરિશ્વરજી વીસમી સદીના સૌથી સમર્થ સૂરિચક્ર ચક્રવર્તીનું બિરુદ પામ્યા હતા. આ યુગસર્જક આચાર્યશ્રીએ સંયમજીવનના પ્રારંભે જ જીવનધ્યેયો નક્કી કર્યા હતાં. તેઓનું પ્રથમ જીવનધ્યેય હતું, જ્ઞાનવૃદ્ધિ અને જ્ઞાનોદ્ધાર. ધર્મશાસ્ત્રોનું ગ્રંથસંરક્ષણ, ગ્રંથલેખન અને પ્રકાશનની સાથો સાથ એમણે અમૂલ્ય ધર્મગ્રંથો ધરાવતા જ્ઞાન ભંડારોની જાળવણી અંગે માર્ગદર્શન આપ્યું, તેઓની પ્રેરણાથી જૈન સમુદાયમાં સર્વપ્રથમ જૈન સાહિત્યના પ્રકાશનનો પુનિત પ્રારંભ પણ વિશેષરૂપે થયો. એમનું બીજું ધ્યેય હતું. જ્ઞાન અને ગુણસંપન્ન તેજસ્વી શિષ્ય પરંપરા સર્જવાનું, પરિણામે તેઓએ અનેક બહુશ્રુત આચાર્યો અને વિદ્વાન મુનિવરોની ભવ્ય પરંપરા શાસનને સમર્પી હતી. હજારો માઇલનો વિહાર કરીને પ્રાણની પણ પરવા કર્યા વિના હિંસક માનસ ધરાવતા માછીમારો અને અન્ય જાતિના લોકોને સદ્‌ઉપદેશ આપ્યો. એકવાર તેઓના ઉપદેશથી દાઠા ગામમાં માછીમારોએ માછલાં મારવાની હજારો જાળની હોળી કરીને જીવનભર માછીમારીનો ત્યાગ કર્યો હતો. દેવ-દેવીઓને મૂંગા પશુઓનો ભોગ ચડાવવાની પ્રથા બંધ કરાવી અને પાંજરાપોળની પ્રવૃત્તિમાં પ્રાણ પૂર્યો. વિ. સં. ૧૯૮૩માં ગુજરાતમાં જળપ્રલય થયો ત્યારે શ્રાવકોને પ્રેરણા આપીને દુ:ખી અને પીડિતોને કાજે વિશાળ ફંડ કરાવ્યું. વળી દુષ્કાળ, જળપ્રલય અને રોગોના ઉપદ્રવ સામે તથા શ્રાવકક્ષેત્રના ઉદ્ધાર માટે અન્નદાન અને ગુપ્તદાન અપાવવાની એમની શક્તિ અજોડ હતી. એમનું એક લક્ષ માતર, રાણકપુર, સ્થંભતીર્થ જેવાં અનેક તીર્થો અને કેટલાંય ગામોના જીર્ણ જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી શ્રી ગિરનાર તીર્થ અંગે જૂનાગઢના નવાબ સામે ચાલી રહેલા અદાલતી કેસમાં તેઓએ તીર્થરક્ષા કાજે અવર્ણનીય જહેમત ઉઠાવી હતી. શ્રી સમેત શિખરજી તીર્થ, શ્રી તારંગા તીર્થ, શ્રી અંતરીક્ષજી તીર્થ જેવાં તીર્થોની વિકટ સમસ્યા ઉકેલવા માટે એમણે સમગ્ર સમાજને વિવેકદ્રષ્ટિ, ઊંડી સૂઝ અને જરૂર પડે સાહસનો સદ્‌ઉપદેશ આપ્યા હતા. એ સમયના ભાવનગર રાજયના મુત્સદ્દી દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ, પોતાના પુત્ર અને અનુગામી દીવાન શ્રી અનંતરાય પટ્ટણીને એમ કહ્યું હતું કે, ''તમને જયારે એવું લાગે કે આ કાર્ય અટપટુ છે, બનવું મુશ્કેલ છે ત્યારે તમે કંદબગિરિવાળા મારા દાઢીવાળા ગુરુજી પાસે પહોંચી જજો અને એમના આશીર્વાદ મેળવી લેજો.”

આ દાઢીવાળા ગુરુ એટલે શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી એમના ગહન શાસ્ત્રજ્ઞાન, પ્રભાવક વ્યાખ્યાન શૈલી, કઠોર ધર્મચર્યા અને જીવંત દ્રષ્ટિને કારણે તેઓ જૈન અને જૈનેતર-એમ સમગ્ર પ્રજાસમૂહમાં આદરણીય બન્યા હતા. દેશના પ્રખર પંડિત એવા શ્રી મદનમોહન માલવિયાજી પણ એમનો સત્સંગ કરીને ધન્યતા અનુભવતા હતા. રાજા,મહારાજાઓ અને શ્રેષ્ઠીઓ એમની વ્યાખ્યાનશૈલીથી અને એમના પ્રચંડ વ્યક્તિત્વથી પ્રભાવિત થયા હતા. આટલી બધી કીર્તિ સાંપડી હોવા છતાં તેઓ અંતરથી નિ:સ્પૃહ અને આત્મલીન હતા.

વિ. સં. ૧૯૨૯, ની કારતક સુદ ૧ ના રોજ મહુવામાં તેઓનો જન્મ થયો અને વિ. સં. ૨૦૦૬ ના દિવાળીના દિવસે જ મહુવામાં જ અંતિમ વિદાય લીધી. શનિવારે જન્મ અને શનિવારે પૂર્ણ દેહવિલય! ૨૦ ઘડી ૧૨ પળે જન્મ અને બરાબર એજ સમયે પૂર્ણવિલય ૭૭ વર્ષના જીવનકાળમાં તેઓએ એવાં કાર્યો કર્યા કે એ સમયગાળાને “શાસનસમ્રાટ નેમિસૂરિયુગ” તરીકે ઓળખવામાં આવે છે.

શાસનના સિંહ તરીકે વિખ્યાત એવા શ્રી વિજયનેમિસૂરિજીના આઠ પટ્ટ શિષ્યો જુદી જુદી જ્ઞાનશાખાઓના પ્રકાંડ અને સંઘમાન્ય વિદ્વાન આચાર્યો હતા. તેઓએ માત્ર જૈન સમાજની જ નહીં, બલ્કે ભારતીય સમાજ અને સંસ્કૃતિની સેવા કરી આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનાં પુન: સ્થાપનમાં અમૂલ્ય પ્રદાન કરનારા આચાર્ય તરીકે તેઓ અગ્રિમ પંક્તિમાં બિરાજે છે.

# શ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી)

'મહાનુભાવો! શાંત થાઓ! ધૈર્ય ધરો, પંજાબનાં પુણ્ય જાગશે, ત્યારે મારા કરતાંય વધુ પ્રતાપી ને પંડિત પુરુષ તમને મળી રહેશે!' તપોમૂર્તિ બુટેરાયજી મહારાજના આ સમયે શબ્દોનો સાક્ષાત્કાર તે શ્રી વિજયાનંદસૂરિજી –પ્રસિદ્ધ નામ આત્મારામજી.

બહુશ્રુતતાની બૃહદ્ગંગા જૈન સમાજમાં વહેવડાવનાર એ સમર્થ મુનિપુંગવનો જન્મ પંજાબમાં જેલમ નદીના કિનારે કલશ નામના ગામમાં ગુજરાતી વિ.સં. ૧૮૯૨ના ચૈત્ર સુદ એકમ ને ગુરુવારના રોજ થયો હતો. પિતા ગણેશચંદ્ર સિપાહીગિરિ માટે પંકાતા ક્લશજાતિના સરદારોમાં દીવાનકુળના અઢીધરા કર્પૂર બ્રહ્મક્ષત્રિય હતા. માતાનું નામ રુપાદેવી હતું. શીખધર્મમાં માનનારાં પતિપત્નીએ પુત્રજન્મોત્સવ પણ એ રીતે ઉજવેલો.

jainuniversity.org

પિતા ગણેશચંદ્રની રાજસી મહત્વાકાંક્ષાએ બહુ વિશાળ હતી. પણ નસીબે યારી ન આપી. સરકારી નોકરીમાંથી એ બહારવટે ચઢ્યા, ત્યાંથી આગ્રાના કિલ્લામાં કેદ થયા ને એક દહાડો એક ગોળીનું તેઓ નિશાન બન્યા.

માતા રૂપાદેવી પોતાના નાના–બીજના ચંદ્ર જેવા રૂપાળા પુત્રને લઈ પતિના મિત્ર જોધમલ ઓસવાલને ત્યાં જીરાગામે ગઈ. જોધમાલે આશ્રય આપી દિત્તાને ભણાવવા માંડ્યો.

જોધમલ જૈન હતો ને તેને ત્યાં સ્થાનકમાર્ગી સાધુઓનો આવરો જાવરો રહેતો. દિત્તો સાધુઓના પરિચયમાં આવ્યો. ધાર્મિક સંસ્કારોએ પ્રબળ પ્રભાવ પાડ્યોને જોધમલની ઘણીય વૈભવી લાલચોને અળગી કરી વિ.સ. ૧૯૧૦માં પંજાબના માલેરકોટડામાં તેણે સ્થાનકવાસી દીક્ષા ગ્રહણ કરી અહીં તેમનું નામ આત્મારામજી રખાયું.

આત્મારામજીની અભ્યાસશક્તિ અપૂર્વ હતી. રોજના ૩૦૦શ્લોક કંઠસ્થ કરવા તો રમતવાતે. સ્થાનકમાર્ગી સમાજની તમામ શાસ્રસંપત્તિ તેમણે મેળવી લીધી. પણ તેમનો જ્ઞાનભૂખ્યો આત્મા વધુ માગતો હતો એમણે સંપ્રદાયની દુહાઈની પરવા ન કરતાં આગળ અભ્યાસ ચલાવ્યો. પણ એનું પરિણામ વિલક્ષણ આવ્યું. સ્થાનકવાસી સંપ્રદાય પરથી તેમની શ્રદ્ધા હટી ગઈ અનેક આપત્તિઓ સામે થઈ તેઓ વિ. સં. ૧૯૩૧માં ૨૦ સાધુઓ સાથે સંપ્રદાયથી જુદા પડ્યા ને પંજાબમાં સદ્ધર્મની પ્રરૂપણા કરવા લાગ્યા.

જિનમૂર્તિ, જિનમંદિરને શાસ્રની સાચી પ્રરૂપણા કરતા સાધુઓની ઈચ્છા શત્રુંજયગિરનાર વગેરે તીર્થોની કરવાની થઇ અને ઈ.સં. ૧૯૩૨માં ગુજરાત માટે પ્રયાણ આદર્યું. અમદાવાદમાં તે વખતે પરમ પ્રતાપી બુટેરાયજી મહારાજની હાક વાગતી. આત્મારામજી મહારાજનું અમદાવાદે અભૂતપૂર્વ સ્વાગત કર્યું. યતિવર્ગ અને બીજા ઉત્સૂત્ર પ્રરૂપકો સામે આત્મારામજીએ જબરી જેહાદ જગવી. વિ.સં. ૧૯૩૨માં તેઓએ શ્રી બુટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા સ્વીકારી. સાથેના પંદર સાધુઓ તેમના શિષ્ય થયા.

વિ.સં. ૧૯૩૩નું ચાતુર્માસ ભાવનગરમાં કરી તેઓ પુન: પંજાબ તરફ ગયા. સં. ૧૯૩૭નું ચાતુર્માસ ગુજરાનવાળામાં કર્યું. અહીં તેમણે 'જૈનતત્ત્વાદર્શ' નામક સુંદર ગ્રંથની રચના કરી. ઠેર ઠેર નવા જૈનો બનાવ્યા, નવાં જિનમંદિરો સ્થાપ્યાં અનેક શાસ્રાર્થો કરી પરમતવાદિઓને પરાસ્ત કર્યા. આમ પાંચ વર્ષ સુધી પંજાબને ખેડી તેઓ પુન: સં. ૧૯૪૦માં ગુજરાત તરફ પાછા વળ્યા, અને તે ચોમાસું બીકાનેરમાં કર્યું. ગુજરાતમાં આવીને નગરશેઠ પ્રેમાભાઈ અને શેઠ દલપતભાઈના પૂર્ણ સહકારથી ૧૫૦ જેટલા સુંદર જિનબિંબો પંજાબમાં મોકલ્યાં.

પાલીતાણાની યાત્રા કરીને પાછા ફરતાં ખંભાતના પ્રાચીન ભંડારોએ એમના વિદ્યાવ્યાસંગી દિલને ખૂબ આકર્ષ્યું. અહીં એક માસની સ્થિરતા કરી. અજ્ઞાતતિમિરભાસ્કર નામનો મહત્વનો ગ્રંથ આ વખતે રચાયો. અહીંથી તેઓ સુરત ગયા ને ચાતુર્માસ પણ ત્યાં કર્યું. સુરતમાં શ્રીમાળીને સંઘમાં લેવાની તેમણે હિલચાલ ઉપાડી તેમજ બીજા અનેક કાર્યો કર્યા.

ચાતુર્માસ પૂર્ણ થતાં તેઓ ભરૂચ વડોદરા, ઉમેટા, બોરસદના રસ્તે થઈ અમદાવાદ આવ્યા મુંબઈ પધારવાનો ખૂબ આગ્રહ હતો, પણ ક્ષેત્રસ્પર્શના જ નહોતી આ વેળા પાલીતાણાના ઝઘડાનું સમાધાન થવાથી તેઓશ્રી પાલીતાણા પધાર્યા અને ત્યાં જ ચાતુર્માસ કર્યું. જૈનસમાજમા તેમનો શાસનપ્રેમ અને વિદ્વત્તા જાહેર થઈ ગયા હતાં. જેના પરિણામે પાલીતાણામાં જ તેમને ખૂબ મોટા ઠાઠમાઠથી આચાર્યની પદવી અપાઈ. સંવેગી દીક્ષાનું નામ આનંદવિજયજી હતું એટલે વિજયાનંદસૂરિ તરીકે ઓળખાયા સં. ૧૯૪૪ નું ચાતુર્માસ ૨૨ (બાવીસ) સાધુઓ સાથે રાધનપુરમાં કર્યું ને અત્રે પંજાબકેસરી શ્રી વિજયવલ્લભસૂરિજીને દીક્ષા આપી.

સ. ૧૯૪૫ના મહેસાણાના ચાતુર્માસમાં તેમણે ઘણાં સુંદર કાર્યો કર્યા. અત્રે 'જૈનપ્રશ્નોતર' નામક સુંદર ગ્રંથની રચના કરી તેમજ યુરોપીયન વિદ્વાન ડો. હોર્નલ સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. અહીંથી જોધપુરમાં એક ચાતુર્માસ કરી તેઓ પુનઃપંજાબ પધાર્યા.

હવે તેમણે પંજાબમાં જિનમંદિરો સ્થાપન કરવાનું કાર્ય જોસભેર ઉપાડ્યું પ્રથમ પ્રતિષ્ઠા માલેરકોટડામાં થઈ. બીજી અમૃતસરમાં થઈ. આ વેળા તેમણે કેટલાક ખર્ચાળ રિવાજો ઓછા કરાવ્યા. ધીમે ધીમે તેમની કીર્તિ બધે પ્રસરતી જતી હતી. આ વખતે ચિકાગો શહેરમાં ભરાતી 'વિશ્વધર્મ પરિષદ'માં તેમને પધારવાનું નિમંત્રણ મળ્યું. સાધુઓના કડક આચાર-વિચાર મુજબ તેમનું જવું અશક્ય હોવાથી જૈન ગ્રેજ્યુએટ શ્રીયુત્ વીરચંદ રાઘવજીને ત્યાં મોકલવા માટે તૈયાર કર્યા અને પોતાની પાસે રાખી જૈનતત્ત્વોનો પૂરો અભ્યાસ કરાવરાવ્યો, તેમજ 'ચિકાગોપ્રશ્નોતર' નામક પુસ્તક તૈયાર કર્યું. શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ પરીષદમાં જઈ સૂરિજી ભાવનાને સફળ કરી.

સૂરિજી અમૃતસરથી જીરા પધાર્યા. અહીં કેટલીય પ્રતિમાઓને અંજનશલાકા કરી, અહીંથી તેઓ હોંશિયારપુર ગયા અને સુવર્ણ જિનમંદિરની સ્થાપના કરી. ઘણી પ્રતિષ્ઠાઓમાં સૌથી છેલ્લી પ્રતિષ્ઠા તેમણે સનખતરાની કરી.

સૂરિજીના જીવનમાં ડગલે ને પગલે ભવભીરૂતા જોવાતી. પોતાની કોઈ ભૂલ થાય તો તરત ખમાવી લેતા. ક્રોધની પળ આવે ત્યારે શાંતિ ધારણ કરતા. જેવો તેમનો સશક્ત દેહ હતો. આત્મા પણ તેવો સશક્ત હતો, વાદશક્તિ પ્રચંડ હતી મુક્તિ અને દલીલોના તો તેઓ ભંડાર હતા. આર્યસમાજ સ્થાપક સ્વામી દયાનંદ સાથે પણ તેમણે શાસ્ત્રાર્થ કરવાનું નક્કી કર્યું હતું. પણ સ્વામી દયાનંદનું મૃત્યું થતાં શાસ્ત્રાર્ય ન બની શક્યો. તેઓ અપ્રતિબધ્ધ વિહારી હતા. એકી સાથે બે ચાતુર્માસ કયાંય ન કરતા, તેમજ વિહારમાં પોતાના વાંચન-મનન સાથે શિષ્યોને પણ ભણાવતા.

પાશ્ચાત્ય વિદ્વાનો પર તેમની અજબ છાપ પડી હતી. ડો.એ. એફ.રૂડોલ્ફ હોર્નલે સમ્પાદિત કરેલ ઉપાસક દશાંગ'ની પ્રસ્તાવનામાં સૂરિજી માટે જે શબ્દો લખ્યા છે, એ તે વાતની પૂરી પ્રતીતિ કરાવે છે. તેમની સાહિત્ય સેવા પણ વિશાળ છે. જૈન સમાજમાં બહુશ્રુતતાની ગંગા વહેવડાવવાનું પ્રથમ માન તેમને જ ઘટે છે. તેમણે તત્ત્વનિર્ણયપ્રાસાદ, જૈનતત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, ચિકાગો પ્રશ્નોતર સમ્યક્ત્વશલ્યોદ્ધાર, જૈન પ્રશ્નોતર, નવતત્ત્વસંગ્રહ, આત્મવિલાસ, આત્મબાવની જૈનમતવૃક્ષ, ચતુર્થ સ્તુતિ આદિ ગ્રન્થોની રચના કરી છે.

સૂરિજીનું સંપૂર્ણ જીવન ક્રાન્તિકારી ને ધર્મ–પ્રેમથી ભરપૂર છે. આ ને આ લગનીમાં સનખતરાની પ્રતિષ્ઠા પછી તેમની તબિયત લથડી. તેમાં પણ એક વખત પાણીન મળતાં છાશથી ચલાવવું પડ્યું. આ કુપથ્ય થયું ને રોગ વધી ગયો.

સં. ૧૯૫૩ના જેઠ સુદી આઠમની સાંજનું તેમનું પ્રતિક્રમણ છેલ્લું પ્રતિક્રમણ બન્યું. મધરાતે જાગ્રત થઈ શૌચ જઈ આવી હાથ પગ ધોઈ આસન પર બેસી ગયા. અર્હન્ અર્હન્ શબ્દ તેમના મુખમાંથી સરી રહ્યા હતા. શિષ્ય સમુદાય વગેરે આસપાસ વીંટળાઈ વળ્યો હતો. થોડી વારે તેઓએ કહ્યું, ‘ભાઈ, અબ હમ ચલતે હૈં, સબકો ખમાતે હૈ.’ આ પછી થોડીવાર અર્હન્‌ની ધૂનમાં રહ્યાં ને તે જ શબ્દો બોલતાં સ્વર્ગધામ સીધાવી ગયા. સદ્દેવ, સદ્ગુરુ ને સદ્ધર્મની પ્રરૂપણાને જીવન–કર્તવ્ય સમજનાર શાસનનો સાચો સિતારો અદશ્ય થયો.

## શ્રી વિજયકમલસૂરીશ્વરજી (ગુજરાતી)

સંવેગી સાધુતાના પાલક વડોદરા મુનિસંમેલનના આદ્ય પ્રેરક અને પ્રમુખ શ્રી વિજયકમલસૂરીશ્વરજી જૈન સમાજમાં અનેક રીતે વિખ્યાત છે. એમનો શાસ્ત્રાભ્યાસ, સાધુઓ પરનો અદ્વિતીય પ્રભાવ અને શાસન–હિતૈષિતા આજે ચિરંજીવ છે.

આવા સાધુવર્યનો જન્મમૂળ રાધનપુરના પણ વર્ષોથી પાલીતાણામાં વસતા કોરડીયા કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી દેલચંદ નેમચંદ હતું ને માતાનું નામ મેઘબાઈ હતું. આવાં આબરૂદાર, રાજમાન્યને ગર્ભશ્રીમંત માતાપિતાને ઘેર સં. ૧૯૧૩ના ચૈત્ર સુદ બીજ ને સોમવારે ચોથા પુત્ર તરીકે કલ્યાણચંદનો જન્મ થયો.

કલ્યાણચંદનો અભ્યાસ ભાવનગરમાં થયો વિ.સં. ૧૯૨૭ના જેઠ વદ પાંચમના દિવસે પિતાનો સ્વર્ગવાસ થયો. પોતાના ભાઈના પ્રેર્યા કલ્યાણચંદનો પ્રેમ ધર્મ પર દૃઢ થવા લાગ્યો. તેટલામાં પોતાના ભાઈ ભાભીઓના દુ:ખદ સ્વર્ગવાસ થયો. તેટલામાં પોતાના ભાઈ ભાભીઓના દુ:ખદ સ્વર્ગવાસે તેમાં વધારો કર્યો અને તેમનો આતમા વૈરાગ્ય દૃઢ થયો. આખરે અમદાવાદ પાસેના ગામડામાં વિ.સં. ૧૯૩૬ના વૈશાખવદ ૮ના દિવસે તેઓએ દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ કમલવિજયજી રાખવામાં આવ્યું. અને તપગચ્છાધિપતિ મૂલચંદજી મહારાજના શિષ્ય તરીકે જાહેર થયા. વડી દીક્ષા અમદાવાદમાં સં. ૧૯૩૭ના કાર્તિક વદી બારસના દિવસે થઈ.

મુનિજીએ પોતાના સમર્થ ગુરુવર્ય પાસે રહી શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો આ પછી તેઓએ એક યા બીજા સાધુઓ પાસે વ્યાકરણ ન્યાય, કોષાદિનો અભ્યાસ કરવા માંડ્યો. સૂત્રસિદ્ધાંતના જાણકારશ્રી ઝવેરસાગરજી પાસે આગમો પણ ભણી લીધાં વિ.સં. ૧૯૪૫માં શ્રી મૂલચંદજી મહારાજનું અવસાન થતાં સમુદાયની અગવડ સાચવવા યોગોદ્વહન કરી તેઓ સં. ૧૯૪૭ના જેઠ સુધી તેરસને દિવસે પંન્યાસ બન્યા. પણ તેમની ક્રિયાશીલતા ને વિદ્વતાથી જૈનસંઘ મુગ્ધ થયો હતો. તેઓને અમદાવાદમાં દસ થી બાર હજારની માનવમેદની વચ્ચે સં. ૧૯૭૩ના મહા સુદ છઠ્ઠને રવિવારના રોજ આચાર્ય, પદવી આપવામાં આવી.

આ પછી ઠેર ઠેર વિહાર કરતા તેઓ ઉપદેશ આપવા લાગ્યા. કેટલાક ઠેકાણેથી કુસુંપ દૂર કરાવ્યો. તેઓ વિદ્યાવ્યાસંગ અને ક્રિયાની અભિરુચિવાળા હતા. સમાજની શાંતિ માટે તેમને પૂરી લાગણી હતી. તેઓશ્રીએ પાંચ ચાતુર્માસ અમદાવાદમાં, છ પાલીતાણામાં, પાંચ સુરતમાં, ત્રણ વડોદરામાં, બે પાટણમાં, બે કપડવંજમાં, તેમજ ધોરાજી, મહેસાણા, ચાણસ્મા, ઊંઝા, લીમડી, વઢવાણકેમ્પ, પાદરા, મુંબઈ, પુના, એવલા, બુરાનપુરા, ડભોઈ, બીજાપુર, ખેડા વગેરે શહેરોમાં એક એક ચાતુર્માસ કર્યું હતું. વડોદરામાં ભરાયેલ મુનિસંમેલનના પ્રમુખપદે બિરાજી સાધુસમાજની અપૂર્વશુદ્ધિ જળવાય તેવા ઠરાવો કર્યા હતા.

સં. ૧૯૭૪ના વૈશાખ સુદ દસમના તેઓએ સ્વહસ્તે સુરતમાં પં. આણંદસાગરજીને આચાર્ય પદ આપ્યું. અહીંથી તેઓશ્રી વિહાર કરતા બારડોલી પધાર્યા પણ આસો સુદ ચોથના ઈન્ફલ્યુએન્જા નામના તાવે તેમના દેહ પર કબ્જો જમાવ્યો, અને આસો સુદ દસમના રોજ પ્રતિક્રમણ કરતાં કાયોત્સર્ગ કરતાં તેઓ સ્વર્ગ સીધાવ્યા. સૂરિજીને પોતાના ભાવીનો ખ્યાલ પ્રથમથી જ આવેલો હોવાથી તેઓ પોતાની નોંધપોથીમાં બધી સૂચના કરતા ગયા હતા એવા દીર્ઘદર્શી મહાત્માઓનાં નામ આજે પણ સમાજમાં અનેક રીતે ઝળહળી રહ્યાં છે.

## શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી (પંજાબી)

અનેક માંસાહારીઓને નિરામીષાહારી બનાવનાર, પ્રસિદ્ધ તીર્થોના ઉદ્ધારક, તટસ્થતાની મૂર્તિ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ મહત્તાના અપૂર્વ અવતાર હતા.

તેઓશ્રીનો જન્મ વિ.સં. ૧૯૦૮માં પંજાબની પુણ્ય ધરા પર સરસા ગામમાં ગૌડબ્રાહ્મણ કુલમાં થયો હતો. તેમના પિતાનું નામ રૂપચંદ અને માતાનું નામ જીતાબાઈ હતું. તેઓશ્રીનું નામ રામલાલ હતું.

રામાલાલને બાલપણથી જ વૈરાગ્ય તરફ અજબ આકર્ષણ હતું. તેવામાં કીશોરચંદ નામના યતિના સંસસર્ગમાં આવ્યા ને તેઓ વિ.સં.૧૯૨૦માં યતિ બન્યા. સાધુજીવન તો સર્વત્યાગમય હોવું જોઈએ એ ભાવનામાં જીરા ગામમાં સ્થાનકમાર્ગી સંપ્રદાયના સાધુ શ્રી વિષ્ણુચંદ્રજીના (જેઓ સ્થાનકમાર્ગી દશામાં પણ મૂર્તિ પૂજામાં શ્રદ્ધાવાળા હતા) સંસર્ગમાં આવ્ય. સં. ૧૯૨૯માં યતિજીવન તજી તેઓ વિષ્ણુચંદ્રજીના શિષ્ય બન્યા.

શ્રી વિષ્ણુચંદ્રજીએ પૂ. આત્મારામજી મહારાજના નેતૃત્વ નીચે સં. ૧૯૩૨માં પૂજ્ય બુટેરાયજી મહારાજ (બુદ્ધિવિજયજી) પાસે સંવેગી દીક્ષા લીધી, શ્રી વિષ્ણુચંદ્રજીનું નામ શ્રી લક્ષ્મીવિજયજી રાખવામાં આવ્યું. રામલાલ પણ તેમના શિષ્ય તરીકે સંવેગી દીક્ષા લઈ શ્રી કમલવિજયજી તરીકે ઓળખ્યા. શ્રી કમલવિજયજી મહારાજની અપૂર્વ યોગ્યતાએ આખા સમાજમાં માન પેદા કર્યું. તેવામાં શ્રીમદ્ આત્મારામજી મહારાજનો સ્વર્ગવાસ થયો. આ પછી કમલવિજયજી મહારાજની યોગ્યતા નિહાળી સં. ૧૯૫૭માં પાટણ મુકામે તેઓશ્રીને આચાર્ય બનાવ્યા. અને શ્રી વિજયકમલસૂરીશ્વરજી (પંજાબી) તરીકે ઓળખાયા.

તેઓશ્રીનું શાસ્ત્રીય જ્ઞાન અપૂર્વ હતું. અધ્યાત્મના કેટલાક ગ્રંથો કંઠસ્થ હતા. પંજાબ, રાજપૂતાના મારવાડ, બંગાળ, માળવા, ગુજરાત, કાઠિયાવાડ આદિ ઉગ્ર દેશોમાં ઉગ્ર વિહાર કરી ધર્મ પ્રભાવના કરી, તેમજ પંજાબી હીરાસીંગ જેવા મહાન્ શિકારીને ધર્મબોધ પમાડ્યો. ઈડરના મહારાજા કુમારપાળના સમયના બાવન જિનાલયનો ઉદ્ધાર કર્યો. તેમજ પ્રાચીન જૈન પુસ્તકોદ્ધાર ફંડ સીદાતા શ્રાવકોનું સહાયક ફંડ તથા અનેક મુદ્રિત ગ્રંથો માટે હજારો રૂપિયા એકઠા કરાવરાવ્યા તેમના ઉપદેશના પ્રતાપે દેહવણ, દાવડ, ઉમેટા, મોગર વગેરેના રાજાઓએ જીવદયાનાં ફરમાન ફેલાવ્યા. બે બે વાર શ્રી વડોદરા નરેશ શ્રીમંત મહારાજા સયાજીરાવે તેમનો ઉપદેશ સાંભળ્યો.

વૃદ્ધાવસ્થાને પહોંચવા છતાં સ્વ અને પરનું કલ્યાણ કરવામાં તેમણે કદી પાછી પાની ન કરી. વિ.સં. ૧૯૮૧માં છાણી મુકામે તેઓશ્રીએ પોતાના સુશિષ્ય શ્રી લબ્ધિવિજયજી મહારાજને તથા, ઉપા. શ્રી વીરવિજયજી મહારાજના સુશિષ્ય શ્રી દાનવિજયજી મહારાજને ખૂબ ધામધૂમ પૂર્વક આચાર્ય પદવી આપી, અને શ્રી વિજયદાનસૂરિ અને શ્રી વિજયલબ્ધિસૂરિજી તરીકે જાહેર કર્યા આ પ્રમાણે શાસન પ્રભાવનાનાં અનેક કાર્ય કરતા તેઓશ્રી નવસારી પાસે જલાલપોર ગામે વિ.સં. ૧૯૮૩ના માહ વદ છઠ્ઠના રોજ સ્વર્ગવાસી થયા આજે તેઓશ્રીનો વિશાળ પરિવાર તેઓશ્રીની અખંડ કીર્તિને ઉજ્જલ કરી રહ્યો છે.